
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



ઓગસ્ટ અંક - ૮
વર્ષ : ૫૪ સળંગઅંક : ૪૩૩
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# તેજસ્વી તારલાઓ

## S.S.C. (ધો.૧૦)-વર્ષ ૨૦૧૬



ધ્રુવી કમલેશ
પંચોલી-વડોદરા
99.61 Perc




ધ્યેય કૌશિકભાઇ
પંચોલી-વડોદરા
99.27 Perc.



ઝલક જીજ્ઞેશભાઇ
મહેતા-મુંબઇ
89.80%



નંદીની ચેતનભાઇ
મિસ્ત્રી-સુરત
88.90%(9.3 Perc)



ચાર્મી મયુરકુમાર
પંચોલી-સુરત
87.84%(99.18 Perc)



માલ્વીક દેવાંગકુમાર
પંચોલી-કાંદીવલી
84.60 %



વૃષીકા હર્ષદભાઇ
રૂવાલા-સુરત
98.21 Perc.



જેન્સી મનિષકુમાર
ગજ્જર-સુરત
83.83% (98.11 Perc)



વૈભવ વિમલકુમાર
મિસ્ત્રી-મુંબઇ
83.40%



શ્રુષ્ટિક પ્રકાશકુમાર
પંચોલી-અંકલેશ્વર
97.47 Perc.



યશ પરેશકુમાર
પંચોલી-વડોદરા
81.16%(97.14 Perc)




યશ દિપકભાઇ
પંચોલી-ઉધના
75%(94.00 Perc)



ફાલ્ગુની વિઠ્ઠલભાઇ
પંચોલી-પાવી જેતપુર
69.5% (89.52 Perc)



જશ સંજયકુમાર
મિસ્ત્રી-મીરારોડ
65.50%



હર્ષ દિલીપભાઇ
પંચોલી-આબુરોડ
(CPGA-10)



હેમાંશી જગદીશભાઇ
પંચોલી-વીરાર
62.60%



વૃશાલી નિલેશભાઇ
મહેતા-અંકલેશ્વર
97.50 %(87.48 Perc)



જન્મેજય નિખિલકુમાર
પંચોલી-રાજપીપલા
60%(76.65 Perc)

નવયુગ શુભચિંતક શ્રી પ્રવિણચંદ્ર છગનલાલ લાઇટવાલા મુંબઇ શ્રી હરકીશનદાસ છગનલાલ કાપડીયા મુંબઇ

# નિત્ય અમારા મનમાં... નિત્ય અમારા હૃદયમાં







## સ્વ. દિપકલાલ મગનલાલ જ્યોતિષભાસ્કર

**જન્મ : ૨૪.૦૯.૧૯૪૧ ◈ નિધન : ૨૬.૦૭.૨૦૧૬**

આજે અમારાં સૌનાં હૈયે અને હોઠે છે એક જ પ્રાર્થના...
'જીવો અમારા હૃદયમાં, જીવો અમારા ચેતનામાં, તમે જીવો સદૈવ?સર્વદા'

**પ્રેમાળ સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| દિવ્યેશ મહેતા | ગં.સ્વ. મંજુલાબેન | હર્ષેશ મહેતા |
| ૯૧૭૩૫ ૭૨૩૫૫ | | ૯૮૨૫૫ ૪૬૬૯૭ |
| રશ્મિ ડી. મહેતા | | ભાવિકા એચ. મહેતા |
| ચિ. ધૈવત-ચૈતન્ય | | ચિ. તપસ્યા-મોક્ષ |

સમસ્ત મગનલાલ હરીભાઈ પરિવાર

**નિવાસ સ્થાન**

૧૦, 'શુભેચ્છા' ગુજરાત હાઉસીંગ બોર્ડ, કોલેજરોડ, બીલીમોરા

# ૨૧મી પૂણ્યતિથિએ
# હાર્દિક શ્રદ્ધાંજલી



**અ.સૌ. સ્વ. કલાવતીબેન જશવંતલાલ પંચોલી**

**જન્મ : તા. ૧૮.૦૩.૧૯૪૮ સ્વર્ગવાસ : તા. ૧૩.૦૮.૧૯૯૫**

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને..
સ્મરણ તમારું થાય છે અમને, મન મુકીને રડાવે છે અમને...
૨૧મી પૂણ્યતિથિએ પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

**અર્પણકર્તા**

શ્રી જશવંતલાલ ગુલાબદાસ પંચોલી (મો.નં. ૯૬૩૮૭ ૮૭૬૮૨)

શ્રી નિતિન જશવંતલાલ પંચોલી
શ્રીમતિ સંધ્યા નિતિન પંચોલી
ચિ. ભાવિક - તુષાર

શ્રી રાકેશ જશવંતલાલ પંચોલી
શ્રીમતિ મનિષા રાકેશ પંચોલી
ચિ. કૌશલ - હર્ષલ

શ્રી મુકેશ ભોગીલાલ પંચોલી શ્રીમતિ મમતા મુકેશ પંચોલી
ચિ. રોનિકા - કાર્તિક

શ્રી પિંકલ સુરેશભાઇ પંચોલી શ્રીમતિ પ્રિયંકા પિંકલ પંચોલી
ચિ. હેત

૩૦/૨૧૫, આસમાની વિલાસદન, બેઠી કોલોની, ખટોદરા, સુરત

# આભાર.... આભાર..... આભાર.....

## વેબસાઈટ સ્પોન્સર
## શ્રીમતિ પૂર્ણિમાબેન કમલેશભાઈ ગજજર





**સ્વ. હસમુખભાઈ બાબુભાઈ ગજજર**
**અ.સૌ. સ્વ. લક્ષ્મીબેન હસમુખભાઈ ગજજર**
**અ.સૌ. સ્વ. ઉષાબેન હિમાંશુભાઈ ગજજર**

**શ્રીમતિ પૂર્ણિમાબેન કમલેશભાઈ ગજજર તરફથી નવસારી મુકામે વ્યાજ વપરાશ વેબસાઈટ સ્પોન્સરશીપ રૂા. ૧,૫૦,૦૦૦/-ની જાહેરાત કરી હતી. તેમાંથી રૂા. ૧,૦૦૦,૦૦/- વેબસાઈટ કમિટિને મળ્યા છે. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તથા વેબસાઈટ કમિટિ દાતાઓનો હાર્દિક આભાર વ્યકત કરે છે... તેઓના વરદ હસ્તે સમાજ સેવાના આવા જ કાર્યો થતા રહે એવી શુભેચ્છાઓ....**

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી-એડમીન વેબ્સાઈટ
શ્રી પ્રતિક્કુમાર પી. પંચોલી-કો એડમીન-વેબ્સાઈટ
શ્રી મનિષભાઈ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી રાજેશભાઈ ડી. પંચોલી-મહામંત્રી

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**




# Celebrate
# 1st Anniversary




પહેલી એનીવર્સરી નિમિત્તે પંચોલી સમાજના જ્ઞાતિજનોને **સ્પે ડિસ્કાઉન્ટ**

ફ્રેન્ચાઈસી ઈન્કવાયરી આવકાર્ય છે....

બીજી દુકાનનું ઓપનીંગ ટુંક સમયમાં સુરત સાથે દક્ષિણ ગુજરાતમાં પણ..

**Hiren Mistry**
Branch Manager
Bajaj Allianz life insurance co.ltd
hiren.mistry@bajajallianz.co.in
9824702567

**Pinky Mistry**
Proprietor
**RADHE ELECTRONICS**
radhe24@gmail.com
9909039396

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**ઓગસ્ટ - ૨૦૧૬**

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત** - ૧૦/-
**વાર્ષિક લવાજમ** - ૧૦૦/-

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

શ્રાવણ મહિનો જોરશોરથી ધરતીને તૃપ્ત કરી રહ્યો છે... અને તૃપ્ત થયેલી ધરતી જાણે સોળે શણગાર કરી ખીલી રહી છે.. ત્યારે મોરલાના ગેંહકાટ, દેડકાના ડ્રાઉં....ડ્રાઉં અને તમરાઓના અવાજથી વાતાવરણ સુંદર અને સંગીતમય બનાવી દીધું છે...

જેવી રીતે વર્ષારાણી જોરશોરથી વરસી રહી છે તેવી જ રીતે આપણા પ્રમુખશ્રી પણ જોરશોરથી પંચોલી સમાજની પ્રગતિ માટે વરસી રહ્યા છે.... સ્વર્ણિમ ફંડ અને એક કરોડનું ભંડોળ ભેગા કરવાના પ્રયાસો સરાહનીય છે....

વર્ષારાણી તો મન મુકીને વરસી હવે વરસવાનો વારો સમગ્ર પંચોલી સમાજનો છે.... દિપોત્સવી અંકનું ફોર્મ આ અંકમાં આપ્યું છે.... તુરત ફોર્મ ભરી આપની ફરજ અદા કરવાની તક ચુકશો નહીં...

પહેલા મહામંડળના હોદ્દેદારો વરસે.... પછી દરેક એકમના પ્રમુખ..મંત્રી વરસે... ત્યારબાદ જ્ઞાતિજનો અનરાધાર વરસે.... ખરી વાત ને ?

૫૪માં વર્ષનો નવયુગનો દિપોત્સવી અંક. જેમાં અમુક એકમો દ્વારા જ જાહેરાત મળે છે... જેવા કે સુરત, વ્યારા, મુંબઇ, રાજપીપલા, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, પાવી જેતપુર, કવાંટ, સંખેડા, ભાટપુર, છોટાઉદેપુર, ગણદેવી, અજરાઇ, બીલીમોરા, બારડોલી, બહાદરપુર, નવસારી, જબુગામ, સિનોર, ચાંદોદ, વાપી આટલા ગણ્યા ગાંઠ્યા એકમો દ્વારા જાહેરાતો મળે છે... બાકીના એકમો ? ? ? ના ભેટ, ના જાહેરાત કે ભેટ, અને હાં ગ્રામ્ય વિભાગ પણ મોટું છે... તેઓ તરફથી પણ નિરાશા જ સાંપડે છે... આપણા ૧૭૦૦ નવયુગ જાય છે.. તેમાં ગયે વર્ષે ફક્ત ૩૨૫ ઘરની જ જાહેરાત આવી હતી... બાકીના ૧૩૨૫ ઘરવાળાની જાહેરાતો નથી આવી અને નથી આવતી.. આ વર્ષે જાબુઘોડા, નવાપુર, ચલામલી, પાનવડ, ગઢબોરીયાદ અને બાકીના છુટાછવાયા નોકરી અર્થે વસતા અનેક ગામોના જ્ઞાતિજનો ને વિનંતી કે આ દિપોત્સવી અંકમાં તમારા એકમનું ખાતુ ખોલાવે... અને નવયુગ પર મન મુકીને વરસો.... નવયુગની ઝોળી છલકાવી દો.... એવી આશા સહ....

## પ્રમુખ નોંધ

શ્રી મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌને નમસ્કાર,

ભગવાન સ્વામિનારાયણનાં સાંનિધ્યમાં ઝાડેશ્વર ચોકડી ભરૂચ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહામંડળની સામાન્ય સભા ઘણા સુંદર અને નિખાલસ ભર્યા વાતાવરણમાં પૂર્ણ થઇ. મહામંડળની સામાન્ય સભામાં મોટા ભાગે યુવાનો અને મહિલાઓની હાજરી ધ્યાન ખેંચે એવી હતી. હાજર રહેલા સૌ જ્ઞાતિજનોનાં મંતવ્ય જાણ્યા, સૌનો એક જ સુર હતો કે, જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આપવામાં આવતી સહાયમાં વધારો કરો, મિત્રો આપણી પાસે તમામ સહાય અંગેનાં ફંડો વ્યાજ વપરાશ ફંડ છે. વ્યાજની ટકાવારીમાં ક્રમશ ઘટાડો થતાં વ્યાજની આવક પણ ઓછી થાય છે જેથી સહાય આપવામાં આપણે મુશ્કેલીઓ અનુભવીએ છીએ અને પૂરતા પ્રમાણમાં સહાયરૂપ બની શકાતા નથી. સૌ મિત્રોને ફરી વિનંતી કરૂ છુ કે સ્વર્ણિમ ફંડ ની રકમ આપણે પાંચ વર્ષ સુધી રૂા. ૧૦૦૦/-, ૨૦૦૦/- અને ૫૦૦૦/- યથાશકિત પ્રમાણે આપવાની છે જે રકમ સીધી દર વર્ષે આપણે આપણા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને આપી શકીએ છીએ, મિત્રો સામાન્ય માં સામાન્ય જ્ઞાતિજનો પણ સમાજનું ઋણ ચુકવે એ ધ્યાનમાં લઇએ આપણે વર્ષે રૂા. ૧૦૦૦/- ની રકમ પાંચ વર્ષ માટે આપવાની છે તો દરેક જ્ઞાતિજનો આ સમાજ સેવાનાં સેવા યજ્ઞમાં સહભાગી બને તેવી વિનંતી કરૂ છું. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..સામાન્ય સભા માટે સુંદર વ્યવસ્થા કરવા બદલ અંકલેશ્વર ટીમનો હાર્દિક આભાર માનુ છું.

સામાન્ય સભામાં ભરૂચ શ્રી સ્વામી નારાયણ મંદિર નાં સ્વામી 'યશોનિધી સ્વામી' નાં કંઠે સત્સંગનો લાભ લીધો. સમાજ પ્રત્યે માણસો એ કેવી રીતે કાર્ય કરવું એ સુંદર દ્રષ્ટાંત આપીને સૌ જ્ઞાતિજનોને સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. હું આ તબકકે ધન્યતા અનુભવી સ્વામીજીનો હાર્દિક આભાર માનું છું.

ટ્રસ્ટ અંગેનાં સરકારશ્રીનાં નિયમોમાં વારંવાર ફેરફાર થાય છે. દરેક ટ્રસ્ટોને ટીડીએસ તથા ઇન્કમટેક્ષ જેવા પ્રશ્નો ઘણા વિકટ બન્યા છે. ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી પાસે વાર્ષિક હિસાબો મંજુર કરાવવામાં ઘણી જ તકલીફનો સામનો કરવો પડે પરંતુ આપણા સી.એ. કિશોરભાઇ સુરતી એન્ડ કાું. નાં શ્રી અર્પણભાઇ સુરતી એ સામાન્ય સભામાં ઉપસ્થિત રહીને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં તમામ બેંક એકાઉન્ટસ જુદી - જુદી સંલગ્ન સંસ્થાઓનાં નામે ન કરતાં મહામંડળના નામે કરવા માટે માર્ગદર્શન આપ્યુ. ભવિષ્યમાં આપણા ટ્રસ્ટને કોઇપણ પ્રકારની અગવડ કે અડચણ ન પડે તે માટે તેઓશ્રીનાં સુચન અંગે આપણે ગંભીરતાથી વિચારણા માંગી લે છે. આપણા મહામંડળનાં હિસાબો વર્ષો થી આપણે વિનામૂલ્યે તેઓશ્રી ઓડિટ કરી આપે છે અને વખતો વખત આપણને માર્ગદર્શન પણ આપતા રહે છે. સામાન્ય સભામાં હાજર રહી માર્ગદર્શન આપવા બદલ હું શ્રી અર્પણભાઇ સુરતીનો હાર્દિક આભાર માનુ છું.

સમાજનું યુવાધન સમાજ સાથે સંકળાયેલુ રહે તે માટે સ્વયંમ્ ગૃપ ની સ્થાપના કરવામાં આવી છે મિત્રો ઘણા એકમોમાં સ્વયંમ્ ગૃપની સ્થાપના કરેલ નથી તેવા એકમોનાં હોદ્દેદારોને વિનંતી કરૂ છું કે આપણા સમાજ એકમમાં સ્વયંમ્ ગૃપની સ્થાપના કરી સમાજસેવામાં યુવાધનને જોડવા વિનંતી કરૂ છુ. યુવાનો માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સ્વયંમ્ ગૃપ આયોજિત સાપુતારા ખાતે તા. ૧૪-૦૮-૨૦૧૬ રવિવાર નાં રોજ એક દિવસીય પ્રવાસ - યુવા સ્નેહ મિલનનું આયોજન કરેલ છે જેમાં દરેક એકમોમાંથી મોટી સંખ્યામાં યુવાનો લાભ લે તેવી વિનંતી કરૂ છું આ માટે સ્વયંમ્ ગૃપ નાં અધ્યક્ષા - શ્રીમતી મૃદુતા પંચોલી , સુરત તથા કોર્ડીનેટર શ્રી અભય પંચોલી - વડોદરા અને શ્રી અંકિત પંચોલી - વ્યારા ને નામો નોંધાવવા વિનંતી છે. આ કાર્યક્રમનાં આયોજનની કામગીરી સ્વર યુથ વ્યારા એ ઉપાડી છે સ્વર યુથ, વ્યારાની ટીમનો હાર્દિક આભાર માનુ છુ. આ અંગે વધુ વિગતો આપણે વેબ સાઇટ તથા નવયુગ ધ્વારા જાણી શકીશું.

મહામંડળ ધ્વારા સમાજની બહેનો જાગૃત થાય તે માટે મહિલા મંડળોની રચના કરવામાં આવી છે તો દરેક એકમોમાં મહિલા મંડળની રચના થાય તેવા આયોજન કરવા વિનંતી છે. સુરત, વડોદરા અને મુંબઇ જેવા મોટા શહેરોમાં એક મહિલા મંડળની સ્થાપના કરવામાં આવે છે પરંતુ દુર-દુર વસવાટ કરતાં હોવાથી તેઓ કાર્યો કરી શકતા નથી. તો આવા મોટા શહેરોની બહેનો બે કે ત્રણ ઝોન પાડી મહિલા મંડળની રચના કરે તો અનુકુળતા એ બધી બહેનો ભેગી મળી કાર્યક્રમો કરી શકે આ અંગે વિચારણા કરવા વિનંતી કરૂ છું.

એકમો પણ દિવસે દિવસે નિષ્ક્રિય બનતા જાય છે.. એકમોમાં પણ જાગૃતી લાવે... અને બીજા નાના એકમો પણ સક્રિય બને... આપણે વાયબ્રન્ટ સમાજ બનાવવાનો છે...

આ અંકમાં દિપોત્સવીઅંક જાહેરાત માટે ફોર્મ આપેલ છે.. તો દરેક એકમોના પ્રમુખ-મંત્રી અને કારોબારી સભ્યો, મહામંડળના હોદ્દેદારો અને તેના સભ્યો પણ પોતાની જાહેરાત પ્રથમ આપે ત્યારબાદ જ્ઞાતિજનો પાસે જાહેરાત એકત્ર કરવી.. અગાઉના વર્ષોમાં દર વર્ષે જાહેરાત આગલા વર્ષનો રેકોર્ડ બ્રેક કરતી હતી.. ગયા વર્ષથી એમાં પણ ઢીલ પડી છે.. તો દરેક જ્ઞાતિજનો અને હોદ્દેદારો નવયુગમાં જાહેરાત અવશ્ય આપે..

પાલ વિભાગ માં નાનુ સરખુ અધિવેશન- સ્નેહમિલન કાર્યક્રમ થાય તેવા આયોજન અંગે પાલ વિભાગ ના કાર્યકરોને વિનંતી કરૂ છુ. આવો મિત્રો સૌ ભેગા મળી સમાજને આદર્શ સમાજ, વ્યસન મુકત અને શિક્ષીત સમાજ બનાવીએ.

અસ્તુ.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
## શ્રી નવસારી પંચોલી સમાજ, નવસારી આયોજીત



# ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૬

**તારીખ :** ૨૫.૧૨.૨૦૧૬-રવિવાર

**સ્થળ :** છાપરા ક્રિકેટ ગ્રાઉન્ડ, છાપરાગામ, નવસારી



સમગ્ર પંચોલી સમાજના ક્રિકેટ પ્રેમી ભાઇઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરે છે.
દરેક એકમોની ટીમોને ભાગ લેવા આમંત્રણ પાઠવે છે..

**નોંધ :** કોઇપણ ઉંમરની વ્યકિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઇ શકશે..

### : ક્રિકેટ ટીમો :

| | | | |
|---|---|---|---|
| (૧) મુંબઇ | (૨) નવસારી | (૩) સુરત | (૪) વ્યારા |
| (૫) બરોડા | (૬) અંકલેશ્વર | (૭) રાજપીપલા | (૮) પાલ વિભાગ |

### સ્પોન્સરશીપ આવકાર્ય

| | |
|---|---|
| ટુર્નામેન્ટ સ્પોન્સર | ૨૫,૦૦૦/- |
| વેન્યુ સ્પોન્સર | ૧૦,૦૦૦/- |
| ભોજન સ્પોન્સર | ૧૦,૦૦૦/- |
| ચા-નાસ્તા સ્પોન્સર | ૭,૫૦૦/- |

વધુ વિગત પંચોલી નવયુગના અગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે....


શ્રી દિપકભાઇ એન. મિસ્ત્રી
પ્રમુખ
શ્રી નવસારી પંચોલી સમાજ, નવસારી

શ્રી મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

તથા શ્રી નવસારી પંચોલી સમાજના સર્વે કારોબારી સભ્યો

# હાર્દિક શ્રદ્ધાંજલી







**સ્વ. ચુનીલાલ છગનલાલ પંચોલી**
**ધામગમન : ૨૬.૬.૨૦૧૬**

ચુપકે ચુપકે લીધી વિદાય, નિજના પંથ
લાડ લડાવી સૌને, લઈ લીધો દયાનો સંગ
છત્રછાયા અમ શીરેથી ઉઠી ગઈ, ત્રણની ગણના થઈને રહી.
ન હો તો આપની યાદ સતાવે, લાડકા પુત્ર-પુત્રીને ભુલાવી
લખતા અમારુ હૈયુ ભરાય, પંથ લઈ પ્રભુનો તમે ચાલ્યા ગયા..
ચો દીશા તમારી સુવાસ ફેલાવી, લીલી વાડી તમે છોડી ગયા...
પ્રભુ આપના આત્માને શાશ્વત સુખ અને શાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના...

**આપના વિયોગી**

મીનાબેન છગનલાલ મિસ્ત્રી
છગનલાલ એ. મિસ્ત્રી
નિમેશ સી. મિસ્ત્રી
હેતલ નિમેશ મિસ્ત્રી
ચિ. જીત નિમેશ મિસ્ત્રી
સોનલ મનોજકુમાર પંચોલી
મનોજકુમાર આર. પંચોલી
ચિ. શ્રેયા-જય મનોજ પંચોલી

રાજેન્દ્ર ચુનીલાલ પંચોલી
દક્ષાબેન આર. પંચોલી
કૃણાલ આર. પંચોલી
ટર્વીકલ કૃણાલ પંચોલી
બીનીતા બીજલ મિસ્ત્રી
બીજલ નરેશભાઈ મિસ્ત્રી
વંશિકા- મહિત બીજલ મિસ્ત્રી

જતીન ચુનીલાલ પંચોલી
જ્યોતિ જે. પંચોલી
દિપ્તી સંતોષકુમાર ગજ્જર
સંતોષકુમાર એમ. ગજ્જર
ચિ. જિહાન સંતોષ ગજ્જર
કરણ જતીન પંચોલી

તુષાર રવિન્દ્ર મિસ્ત્રી
કૃપા તુષાર મિસ્ત્રી

મયૂરી રવિન્દ્ર મિસ્ત્રી
રવિન્દ્રકુમાર એમ. મિસ્ત્રી

અંકુર રવિન્દ્ર મિસ્ત્રી
ચૈતાલી અંકુર મિસ્ત્રી
ચિ. મીસરી અંકુર મિસ્ત્રી

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# સામાન્ય સભા







શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૧૦.૦૭.૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ભરૂચ મુકામે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ઝાડેશ્વર ખાતે નારાયણ હોલમાં મળી. જેમાં વ્યારા-૨૮, બીલીમોરા-૩, મુંબઈ-૯, અંકલેશ્વર-૧૫, નવસારી-૩, ખડસુપા-૧, સુરત-૨, વડોદરા-૧૦, ભિલાડ-૧, પાવી જેતપુર-૨, બોડેલી-૨ સભ્યોએ હાજરી આપી હતી

સામાન્ય સભાની શરૂઆત અંકલેશ્વર એકમના શ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ મંચસ્થ સભ્યો તેમજ હાજર રહેલ સૌ સભ્યોને આવકારી સભાની શરૂઆત મંગલાચરણથી કરી હતી.

અંકલેશ્વર એકમના પ્રમુખશ્રી પરેશભાઇ અમૃતભાઇ મિસ્ત્રી દ્વારા સ્વાગત પ્રવચન સાથે સાથે અંકલેશ્વર એકમને સામાન્ય સભા રાખવાની તક આપી એ બદલ મહામંડળનો આભાર વ્યકત કર્યો.

ત્યારબાદ મંચસ્થ સભ્યોની તેમજ મહામંડળના હોદ્દેદારોની સ્વાગત વિધિ એક સુંદર સુગંધિત અગરબત્તી આપી અંકલેશ્વર એકમના કારોબારી સભ્યો દ્વારા કરવામાં આવી. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી શ્રી રાજેશભાઇ પંચોલીને આગળની કાર્યવાહી કરવા નિમંત્રણ આપ્યું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ પંચોલી દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં ખાસ કરીને પાલ વિભાગ ઉપર ભાર મુકેલ અને જણાવેલ કે પાલ વિભાગ અત્યારે મહામંડળથી અલિપ્ત રહેતો હોય એમ લાગી રહ્યું છે. તે માટે એક નાનું એવુ અધિવેશન પાલ વિભાગમાં ડિસેમ્બર માસમાં રાખવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

એજન્ડા : ૧ વર્ષ દરમ્યાન દેવલોક પામેલ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલી -રાજપીપલા એકમના માજી પ્રમુખ સ્વ. અગમશરણભાઇ ધીરજલાલ પંચોલી તથા મુંબઇ એકમના માજી પ્રમુખ સ્વ. ચુનીલાલ છગનલાલ પંચોલી તથા નામી અનામી જ્ઞાતિજનોની આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી દિવંગત આત્માને શ્રદ્ધાંજલી આપી હતી.

એજન્ડા નં. : ૨ - ગત સામાન્ય સભા મિનિટ્સ વાંચન - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના સહમંત્રી શ્રી દેવાંગભાઇએ ગયા વર્ષે વડોદરા મુકામે મળેલ સામાન્ય સભાની મિનિટસનું વાંચન કર્યુ, જેને હાજર રહેલ સૌ સભ્યો દ્વારા બહાલી આપવામાં આવી હતી.

એજન્ડન નં. ૩ : મહામંડળ તથા તેની સંલગ્ન સંસ્થાઓના હિસાબોની રજુઆત

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી શ્રી રાજેશભાઇ પંચોલીએ વાર્ષિક નિવેદન સભા સમક્ષ રજુ કર્યુ. મહામંડળ અને તેની સંલગ્ન સંસ્થાઓના ઓડિટ થયેલા વર્ષ ૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો અગાઉથી એજન્ડા સાથે દરેક એકમને તથા મહામંડળના હોદ્દેદારશ્રીઓને તથા સંલગ્ન સંસ્થાઓના અધ્યક્ષ, મંત્રી, સહમંત્રી, તંત્રી, સહતંત્રીને મોકલી છણાવટ કરવામાં આવી. ચર્ચા વિચારણાને




અંતે હિસાબો બરાબર હોય સદર અહેવાલ રજુ કરવામાં આવ્યા ત્યારબાદ મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઈએ ટી.ડી.એસ. કપાત વિશે ચર્ચા કરી. આ વર્ષે કેટલી સહાય કેટલી વ્યકિતને આપી એ હિસાબોમાં અલગથી દર્શાવવામાં આવેલ છે. એ તરફ સભાનું ધ્યાન દોર્યું.

મુંબઈ એકમના જીતુભાઈ દ્વારા રજુઆત થઈ કે વિધવા નિરાધાર સહાયમાં જે બે અલગ અલગ રૂા. ૧,૦૦૦/-, ૧,૫૦૦/- આપવામાં આવે છે તેવો ભેદભાવ ન રાખતા દરેકને એક સરખા જ ગણી દરેક લાભાર્થીને સહાય પણ સરખી જ આપવી જોઈએ.

મહામંડળના પ્રમુખશ્રીએ જણાવ્યું કે આ સહાયની રકમ ખરેખર તો ઓછી જ છે. છતાં ભંડોળને ધ્યાનમાં લઈ સહાય કરવામાં આવે છે. અગાઉ આ સહાયને ૩(ત્રણ) કેટેગરીમાં વહેંચવામાં આવી હતી. જેને હાલ બે જ કેટેગરીમાં વહેચણી કરવામાં આવી છે અને દરેક એકમના પ્રમુખ-ઉપપ્રમુખ, મંત્રી-સહમંત્રીને વિનંતિ કરી કે તમો જે સહાયની અરજી ફોર્મ પર સહી સિક્કા કરો છો તે લાભાર્થીની ચોક્સાઈ રીતે તપાસી જોઈ સહી સિક્કા કરવા કારણ કે આપણે એક બીજાની શરમમાં સહી સિક્કા કરી આપીએ છીએ તેના કારણે જે લાભાર્થી ને બે કેટેગરીમાં વહેચાય છે..

સભ્યો દ્વારા સહાયની રકમ વધારવાનું કહેતા પ્રમુખશ્રી એ જવાબમાં કહ્યું કે વ્યાજની રકમ આવકમાં ઓછી છે. મર્યાદિત વ્યાજ વપરાશ ફંડમાંથી સહાય આપવાની હોય છે. જો દરેક એકમમાંથી સ્વર્ણિમ ફંડમાં વધુ સહકાર પ્રાપ્ત થાય તો આપણે વધુ સહાય કરી શકીએ..

વેબ સાઈટ, સમાજ સુરક્ષા યોજના, પંચોલી નવયુગ, સી.ટી.સ્મારક નિધિ અને તબીબી સહાયના હિસાબો ચર્ચામાં લેતા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

મુંબઈ એકમના જીતુભાઈ તરફથી રજુઆત થઈ કે નવયુગમાં જેના જાહેરાતનાં નાણાં બાકી હોય તે માટે ચર્ચા-વિચારણા કરવી અને તે નાણાં જલ્દી નવયુગને મળે તેવી રીતે નવયુગમાં જાહેરાત છાપવી.

અંકલેશ્વર એકમના ડૉ. મહેશભાઈ મિસ્ત્રી તરફથી રજુઆત કરવામાં આવી કે નવયુગમાં જાહેરાત બાબતે દરેક એકમના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી પણ જાહેરાત આપતા નથી. તો તે ઉપર ભાર આપતા જણાવ્યું કે તેઓ પણ નવયુગને જાહેરાત આપે અને એકમમાંથી બને એટલી વધારે જાહેરાત એકત્રિત કરે તો આપણે નવયુગને મદદરૂપ થઈ શકીએ.

મુંબઈ એકમના શ્રી પરાગભાઈએ રજુઆત કરી કે મહામંડળના હિસાબોની અંદર દરેક વ્યાજની ટોટલ રકમમાંથી ક્યાં વપરાશ થાય છે તે વિગતવાર અલગ અલગ દર્શાવવી જરૂરી લાગે છે. ચર્ચાનાં અંતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના દરેક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

એજન્ડા : ૪ સુરત એકમના ગત સામાન્ય સભામાં રજુ થયેલ બંધારણ બાબતે વેબસાઈટ પર મુકવા માટેની ચર્ચા કરતાં મહામંડળના પ્રમુખશ્રીએ જણાવ્યું કે એક વખત બંધારણ નવયુગમાં છપાઈ ગયેલ છે. છતાં જો સૌની સંમતિ હોય તો હેમંતભાઈને કહી બંધારણ વેબસાઈટ પર મુકવા જણાવીએ.

સભ્યો દ્વારા જણાવવામાં આવ્યું કે બંધારણ આપણાં સમાજ પુરતું સીમિત હોય તેને વેબસાઈટ પર મુકવું નહીં પણ ઉનાઈ મુકામે થયેલ સામાન્ય સભામાં ચર્ચા પ્રમાણે જે કોઈ વ્યકિતને બંધારણની જરૂર હોય તેણે એકમના પ્રમુખ-મંત્રીના નેજા હેઠળ મહામંડળના મહામંત્રીને પત્ર દ્વારા મંગાવી શકે છે. અંતે સૌ સભ્યો દ્વારા આ નિર્ણયને મંજુરી આપવામાં આવી.

સમાજ સુરક્ષા યોજના બાબતે સભ્યોની એક સામાન્ય સભા રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

સભાની મધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ભરૂચના સંતવર્ય શ્રી યશોનિધિદાસજીએ હાજર રહી કથાવાતાનો લાભ આપ્યો હતો..

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના હિસાબોનું ઓડિટ કરતા ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી અર્પણભાઈ સુરતીએ ખાશ ઉપસ્થિત રહી હિસાબો અંગે અને નાણાંકીય આંટીઘુટી વિષે વિશેષ માહિતિ પુરી પાડી હતી. તેમણે જણાવ્યું કે દરેક અલગ અલગ સંસ્થાઓ પોતાની ફિક્સ

ડિપોઝીટ અલગ અલગ કરે છે તેની જગ્યાએ મહામંડળ પોતે જ એફ.ડી. બનાવે અને જરૂરીઆત મુજબ દરેક સંસ્થા મહામંડળ પાસેથી ભંડોળ મેળવે. જેથી મહામંડળ જેતે સંસ્થાને આપેલ ભંડોળ લોન પેટે દર્શાવી શકે. વર્ષ ૨૦૧૭-૨૦૧૮નું નફા નુકસાન ખાતુ મહામંડળ બનાવે અને જે તે સંસ્થા દરેક ખર્ચ મહામંડળને બતાવે તે ઉપરોકત એફ.ડી. પણ પાકયા પછી રીન્યુ ન કરતા મહામંડળને પરત આપે છે જે કરવાથી એક જ જગ્યાએથી વહિવટ થાય.

સમાજ સુરક્ષા યોજનાની ફાળાની આવકથી એફ.ડી. વધુ બનાવવી પડે છે. જેથી આવક વ્યાજ વધતુ જાય છે અને જાવક ઓછી થાય છે જેનાથી વધુ ટી.ડી.એસ. કપાય છે. ડોનેશન આવવાથી વધુ ટેક્ષ ન ભરવો પડે. તેના માટે ૮૦-જી નિયમનું ફોર્મ ભરીને આપવાથી વધુ ટેક્ષ ન ભરવો પડે. અલગ અલગ બેંકમાં ખાતા ચાલુ ન રાખતા ઓછી બેંકોમાં એફ.ડી કરાવો જેથી એક જ જગ્યાએ એપ્લીકેશન આપવી પડે અને વ્યવહાર પણ સારી રીતે ચાલે. અને ટી.ડી.એસ. પણ બચાવી શકીએ..

મુંબઇ એકમના મુકેશભાઇએ રજુઆત કરી કે આપણે સમાજ સુરક્ષા ફંડ અલગ કરી સોસાયટી ફંડ રજુ કરી શકાય.

એજન્ડા : ૬ - સમાજ સુરક્ષા યોજનાની ચર્ચા કરતા જે ગત વર્ષે સુરત મુકામે મિટિંગનું આયોજન કરેલ હતું જેમાં સભ્યોની હાજરી ન થતાં એ મિટિંગનું આયોજન રદ કરવામાં આવ્યું હતું. જો ટુંક સમયમાં ફરી જો સમાજ સુરક્ષાના સભ્યો એકત્રિત થાય તો ફરી મિટિંગનું આયોજન કરી શકાય અને જો આ મિટિંગમાં પુરતા સભ્યો ન આવે તો જે તે સભ્યો હાજર હોય તેઓની હાજરીમાં જે કંઇ નિર્ણય લેવાય તે નિર્ણય દરેક સભ્યોએ માન્ય રાખવાનો રહેશે.

એજન્ડા : ૭ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ તરફથી રજુઆત કરવામાં આવી કે યુવાનો આગળ આવે અને સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે.

પાલ વિભાગમાં મોટુ ન કરતાં નાનું એવું અધિવેશન એ વિભાગમાં રાખવા માટે બોડેલી ના કમલેશભાઇને રજુઆત કરી.

યુવાનો માટેની ખાસ અપીલમાં દરેક એકમોના યુવાનો એકત્રિત થઇ તા. ૧૪.૮.૨૦૧૯ના દિને સાપુતારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરે જેથી યુવાનો એકબીજાથી પરિચિત થાય. જે યુવાનોની ઉંમર ૧૫ થી ૪૦ હોય એ યુવાનો આ પ્રવાસમાં ભાગ લઇ શકશે. આ પ્રવાસમાં સાપુતારા સ્વખર્ચે આવવાનું રહેશે. ત્યાં જમવા તથા ચ્હા-નાસ્તાની વ્યવસ્થા મહામંડળ તરફથી કરવામાં આવશે. આ પ્રવાસમાં જવા માટે નામ નોંધણી તા. ૧૦.૦૮.૨૦૧૯ સુધીમાં કરાવવાની રહેશે...

નવસારી એકમ તરફથી રજુઆત થઇ કે આપણી સમાજની જે કોઇ વ્યકિત ઉચ્ચ હોદ્દાપર બિરાજમાન છે. સરકારી, અર્ધસરકારમાં સર્વિસ કરતા હોય તેઓના નામ સરનામા અને કોન્ટેકટ નંબર નવવયુગમાં આપવામાં આવે તો આપણાં સમાજના યુવાનોને નોકરી બાબતે મદદરૂપ થઇ શકે.. નવયુ તંત્રી દિનેશભાઇએ જણાવ્યું કે માહિતી મળવાથી તેને નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે.

ક્રિકેટ ટુનાર્મેન્ટ માટે નવસારી એકમને રજુઆત કરતા તેઓએ આયોજન કરવાની તૈયારી બતાવેલ પણ પ્રમુખશ્રી દિપકભાઇએ જણાવ્યું કે એ ટૂર્નામેન્ટ માટે ભંડોળ અને સમયના અભાવે વિલંબ પડે છે. શ્રી મનિષભાલ, શ્રી રાજેશભાઇ તથા તબીબી સેવા સંકુલના અધ્યક્ષ ડો. વિસ્મયભાઇ તરફથી રજુઆત થઇ કે જે તે એકમમાંથી તબીબી સહાય માટે અરજી મોકલવામાં આવે છે તે ફોર્મ પ્રમુખ-મંત્રી થોડી વધારે ચોકસાઇથી ફોર્મની વિગત ભરવી જેથી સહાય આપવામાં સરળતા રહે.

પંચોલી નવયુગના તંત્રીશ્રી દિનેશભાઇએ દિપોત્સવી અંકમાં જે એકમ વધુમાં વધુ જાહેરાત કરે તે એકમને સિલ્ડ તથા ૧૦ હજારથી ઉપર જાહેરાત લાવનાર ને ભેટ આપી નવાજ્યા.

નવસારી એકમ તરફથી રૂા. ૧,૫૦૦/- તથા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી રૂા. ૫,૦૦૦/- નવયુગ પોસ્ટીંગ માટે મળ્યા.. બન્ને એકમોનો આભાર વ્યકત કર્યો તથા બીજા એકમો પણ આનું અનુકરણ કરે એવી અપીલ કરી હતી.

સમાજ સરક્ષા યોજનાના અધ્યક્ષ શ્રી નવિનભાઇ વિ. પંચોલીએ જણાવ્યું કે સમાજ સુરક્ષા યોજનાનો ફાળો હવે પછીથી સામાન્ય સભા સુધી જમા કરાવી શકાશે.. ત્યારબાદ જમા કરાવનાર સભ્ય પાસેથી લેઇટ ફી લેવામાં આવશે.

મહિલા સંગઠન અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેને રજુઆત કરી કે આજની સામાન્ય સભામાં બેહેનોની મોટીસંખ્યા જોઇ

આનંદ વ્યકત કર્યો. આવી હાજરી ફકત મહિલા મંડળ ઍકમ પુરતી ન થતા મહામંડળની દરેક કામગીરીમાં પણ આવી સંખ્યા થવી જોઇએ. તે ઉપરાંત ઍમણે વર્ષ ૨૦૧૫ના વાયબ્રન્ટ મહિલા ઍવોર્ડ પણ આપ્યો હતો.

અ વિભાગ : પ્રથમ ઈનામ-પ્રગતિ મહિલા મંડળ-વ્યારા
દ્વિતીય ઇનામ : તેજસ્વી મહિલા મંડળ-વડોદરા
દ્વિતીય ઇનામ : ભગીની સમાજ-રાજપીપલા
બ વિભાગ : પ્રથમ ઇનામ : શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર
ઍમ બે વિભાગમાં સટીફિકેટ અને ઇનામ આપી સન્માનિત કર્યા.
યુવા પ્રવાસના આયોજન માટેની જવાબદારી વ્યારા ઍકમમાંથી સ્વર યુથના પ્રમુખ અંકિતભાઇ પંચોલી અને તેમની ટીમે સ્વીકારી હતી. તે બદલ હાજર રહેલ સૌ સભ્યોએ પ્રવાસ સફળતા પૂર્વક સફળ થાય ઍ માટે અભિનંદન પાઠવ્યા હતાં.

સભાના અંતે મહામંડળના પ્રમુખશ્રીએ ભરૂચ મુકામે રાખેલ સામાન્ય સભાની સુંદર વ્યવસ્થા કરવા બદલ અંકલેશ્વરના ડૉ. મહેશભાઇ, ઍકમ પ્રમુખ શ્રી પરેશભાઇ અને તેની ટીમ તેમજ હાજર રહેલ તમામ સભાસદોનો સહકાર બદલ આભાર વ્યકત કરી સભા પૂર્ણ થયેલ જાહેર કરી હતી.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઑફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ ઍમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા
'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-વ્યારા

### શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાના સ્વર્ગસ્થ સભ્યશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી અગરમશરણ ધીરજલાલ પંચોલી**
**જ.તા. ૧૬.૫.૧૯૪૬ સ્વર્ગવાસ : ૯.૭.૨૦૧૬**

આપણી પંચોલી જ્ઞાતિના ઉત્કર્ષ માટે તન-મન-ધનથી સમાજને ઉપયોગી થવાની આપની ભલી લાગણી અને પ્રયત્નો ભુલી શકય તેમ નથી. શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાને આપની ખોટ હરહંમેશ સાલતી રહેશે. ઇશ્વર અમો સર્વે પરિવારના સભ્યોને આપે બતાવેલ પથ ઉપર ચાલવાનું બળ આપે અને પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ બક્ષે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

કિશોરભાઇ આર. પંચોલી — ઠાકોરભાઇ વી. પંચોલી
આદ્યસ્થાપક
વિજયભાયઈ એમ. મપારા — દિનેશચંદ્ર એસ. પંચોલી
મંત્રી — કન્વીનર
સદસ્યશ્રીઓ - શ્રી પંચોલી પ્રગતિ પરિવાર

## Congratulations...

**Completed B.E. Computer with distinction (8.4)**



**નિશીતા નિતિનભાઇ પંચોલી**

**શુભેચ્છા :**
શ્રી મગનભાઇ છગનભાઇ પંચોલી-દાદા
શ્રીમતિ ભાનુબેન મગનલાલ પંચોલી-દાદી
શ્રી નિતિનભાઇ મગનભાઇ પંચોલી-પપ્પા
શ્રીમતિ શીલાબેન નિતિનભાઇ પંચોલી-મમ્મી
એમ-૬, મોદીનગર, હાંસોટરોડ,અંકલેશ્વર-૧
મો. ૯૮૭૯૧ ૨૫૫૯૦

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-સ્વયં ગ્રુપ આયોજીત

# એક દિવસીય પ્રવાસ-સાપુતારા

### આયોજક : સ્વર યુથ-વ્યારા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત-સ્વયં ગ્રુપ આયોજિત એક દિવસીય પ્રવાસ.... સાપુતારા. તા. ૧૪.૮.૨૦૧૬ના રોજ સ્વર ગ્રુપ વ્યારાના સહયોગથી આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમાજના ૧૫ વર્ષ થી ૪૦ વર્ષ સુધીની વયના જ્ઞાતિજનો આવી શકશે. જે જ્ઞાતિજનો આ પ્રવાસમાં જોડાવા ઇચ્છતા હોય તેઓ એ તા. ૧૦.૦૮.૨૦૧૬ સુધીમાં નીચે જણાવેલ હોદ્દેદારોને નામ નોંધાવવા.

મૃદુતા પંચોલી-સુરત (૯૦૩૩૦ ૮૯૯૯૬)

અભય પંચોલી-વડોદરા (૯૮૯૮૧ ૭૧૩૪૧)

અંકિત પંચોલી-વ્યારા (૯૯૯૮૫ ૩૧૦૩૨)

તા. ૧૪.૮.૨૦૧૬ના રોજ સાપુતારા મુકામે સવારે ૧૦ કલાકે સ્વ ખર્ચે પહોંચવાનું રહેશે. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા પ્રવાસમાં આવનાર યુવાનો માટે ચા-નાસ્તો તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. સાપુતારા ખાતે અન્ય થનાર ખર્ચ પોતે કરવાનો રહેશે. જે જ્ઞાતિજનો નામ નોંધાવનાર છે તેઓ એ ટોકન ફી તરીકે રૂા. ૧૦૦ ઉપરોકત ૩ માંથી ૧ને પહોંચાડવાના રહેશે. જે સાપુતારા મુકામે હાજર રહેલ સભ્યોને પરત કરવામાં આવશે. દરેક એકમમાંથી વધુને વધુ યુવાનો ભાગ લે એ ઇચ્છનીય છે. દરેક એકમના હોદ્દેદારો પોતાનાં એકમમાંથી યુવાનોને પ્રોત્સાહિત કરી પ્રવાસમાં જોડાવવાની પ્રેરણા પુરી પાડશો.. આવો સાપુતારાના કુદરતી વાતાવરણના સાનિધ્યમાં પંચોલી સમાજના યુવાનોનું સ્નેહ મિલન માણીએ...

# પંચોલી નવયુગ

ભરૂચ મુકામે મળેલ સામાન્ય સભામાં પંચોલી નવયુગ દિપોત્સવી અંકમાં જે એકમ વધુમાં વધુ જાહેરાત કરે તે એકમને સિલ્ડ આપતા હતા. આ વર્ષે વધુ જાહેરાત એકત્ર કરવા બદલ સુરત સમસ્ત પંચને સિલ્ડ મનિષભાઇના વરદ હસ્તે આપવામાં આવ્યુ જે રાજેશભાઇ પી. ગાંધીએ સ્વીકાર્યુ. ૧૦ હજારથી વધુ જાહેરાત એકત્ર કરનાર જ્ઞાતિજનને ગીફટ આપી નવાજ્યા જેમાં ૧૦ હજારથી વધુ જાહેરાત લાવનારમાં બીલીમોરાના શોભાબેન તથા કવાંટના બિપીનભાઇ પંચોલીને અને ૨૫ હજારથી ઉપર જાહેરાત લાવનારમાં રાજપીપલાના સુરેશભાઇ પંચોલી, વડોદરાના શ્રીમતિ શીલાબેન પંચોલી અને સુરતના રાજેશભાઇ ગાંધીને વિશિષ્ટ ભેટ આપી નવાજ્યા... રાજેશભાઇ ગાંધી છેલ્લા કેટલા વર્ષોથી નવયુગનું કાર્ય નિઃસ્વાર્થ ભાવે કરતા હતા. પરંતુ ધંધાને કારણે સમય ન મળતા તેમણે નિવૃત્તિ જાહેર કરી આથી એમની સેવાને બિરદાવી પ્રમુખશ્રી મનિષભાઇ દ્વારા સિલ્ડ આપી બહુમાન કરવામાં આવ્યું.

પોસ્ટીંગ માટે નવસારી એકમ તરફથી રૂા. ૧૫૦૦/- તથા પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી રૂા. ૫૦૦૦/- મળ્યા. નવસારી એકમના પ્રમુખશ્રી દિપકભાઇ અને મુંબઇ એકમના પ્રમુખશ્રી રાહુલભાઇ જે મિસ્ત્રીનો આભારી છું... આવી જ રીતે વર્ષો વરસ આપનો સાથ સહકાર મળતો રહેશે એવી આશા રાખું છું.

જયારથી પોસ્ટીંગ રજીસ્ટ્રેશન રદ થયુ છે ત્યારથી નીચેના એકમો હેન્ડ ડીલીવરી દ્વારા નવયુગ પહોંચાડે છે... જેમાં મીરારોડ મુંબઇ-જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી, બીલીમોરા-કિશોરભાઇ નારણભાઇ મિસ્ત્રી, નવસારી-સમીરભાઇ જયંતિલાલ પંચોલી, ઉધના(સુરત)-રાજેશભાઇ પી. ગાંધી, એલ.પી.સવાણી વિભાગ(સુરત) દક્ષયભાઇ પી. ગજજર, અંકલેશ્વર-હેમલકુમાર શાંતિલાલ મિસ્ત્રી, ભરૂચ-દિલીપભાઇ જે. પંચોલી, રાજપીપલા-સુરેશભાઇ જે. પંચોલી, સંખેડા-ચંદ્રકાંતભાઇ પંચોલી, બહાદરપુર-હરકીશનભાઇ પંચોલી, બોડેલી-કમલેશભાઇ પંચોલી, પાવીજેતપુર-કનુભાઇ એમ. પંચોલી, પાનવડ-જયદેવ આર. પંચોલી, કવાંટ-વિપીનચંદ્ર ચંદુલાલ પંચોલી, નસવાડી-ચંપકલાલ મોહનલાલ પંચોલી ઉપરોકત જ્ઞાતિજનોનો ખુબ ખુબ આભાર... કે જેઓ નવયુગનું સારામાં સારું કાર્ય કરે છે... કમનસીબી એટલી છે કે જયાં પોષ્ટ દ્વારા જતા નવયુગો અનિયમિત છે... શું આપના ગામમાં આપ ઉપરોકત જ્ઞાતિજનો જેવી સેવા આપી શકો ????

તંત્રીશ્રી

# બદલાયેલા બા

પલ્લવી જીતેંદ્ર મિસ્ત્રી.
અમદાવાદ

- બા, અમે- હું અને અવિનાશ, આજે સવારે સુરતથી ટ્રેનમાં બેસી ગયા છીએ. લગભગ ૨ વાગ્યે અમદાવાદ ઘરે પહોંચીશું.
- કેમ આમ અચાનક, બધું બરાબર તો છે ને?
- અરે હા બા, બધું બરાબર છે. આ તો અવિનાશને આજે શુક્રવારે રજા હતી એટલે શનિ-રવિ સાથે મળીને બે-ત્રણ દિવસ તમારા લોકો જોડે રહેવાય એમ વિચારીને ત્યાં આવવાનું નક્કી કર્યું.
- સારુ કર્યું બેટા, પણ અચાનક નક્કી કર્યું તો ટ્રેનમાં રીઝર્વેશન કેવી રીતે મળ્યું?
- ત્યાં આવવાનો વિચાર હતો એટલે રીઝર્વેશન તો બે દિવસ પહેલાં જ કરાવી લીધુ હતું, બા. પણ કેમ આમ પૂછો છો?
- કંઈ નહીં બેટા, એ તો એમ જ. રીઝર્વેશન કરાવ્યું ત્યારે ફોન કરી દીધો હોત તો સારું.
- અરે બા, મારા જ ઘરે તો આવું છું, અમે કંઈ મહેમાન થોડા છીએ?
- હા, એ વાત ખરી તારી. ભલે, પહોંચો.

સવારે દસ વાગ્યે રમાબાને એમની દીકરી આરતીનો ઉપર મુજબનો ફોન આવ્યો.

- બા, તમારી રસોઈ બનાવીને કીચનમાં ઢાંકી દીધી છે. થેપલા અને ચટણી પણ બનાવીને રાખ્યા છે, ચેવડો અને સક્કરપારા પણ બનાવી રાખ્યા છે. તમારી દવા પણ લાવી રાખી છે. મધુફોઈને પણ તમારું ધ્યાન રાખવાની સૂચનાઓ આપી દીધી છે. પુત્રવધૂ સ્નેહાએ અંદરની રુમમાંથી બહાર આવીને રમાબાને કહ્યું.
- તું અહીંની અને મારી ચિંતા ન કર, આનંદથી ફરી આવો.
- ભલે બા. સંજય ટેક્સી લઈને આવે એટલે અમે નીકળીએ. કોનો ફોન હતો, બા?
- આરતીનો ફોન હતો. રમાબાએ સ્નેહાને કહ્યું
- અચ્છા, શું કહેતા હતા આરતીબેન? સુરત બધા મજામાં ને?
- આરતી અને અવિનાશ અમદાવાદઆવવાના છે.
- ક્યારે?
- આજે, લગભગ ૨ વાગ્યે ઘરે પહોંચશે.
- ઓહ! તો હવે શું કરીએ, અમારી બહારગામની ટ્રીપ કેન્સલ કરીએ?
- અરે નહીં, બેટા. સંજયને માંડ માંડ ઓફિસમાંથી રજા મળી છે. મારો લાડકો પૌત્ર દક્ષ ફરવા જવા માટે કેટલો ઉત્સુક છે. સંજયને ઓફિસમાં અને દક્ષને સ્કુલમાં સાથે રજા હોય એવું ભાગ્યે જ બને છે. પેકિંગ થઈ ગયું છે, બધી તૈયારી પણ થઈ ગઇ છે. તમતમારે ઊપડો. હું છું ને.
- પણ બા આરતીબેન અને અવિનાશભાઈને ખોટું નહીં લાગે, કે અમે આવ્યા અને આ લોકો ફરવા જતા રહ્યાં?
- જો બેટા, સીધી વાત છે, કોઈના પણ ઘરે જવું હોય તો ટીકિટ બુક કરાવતાં પહેલા એમની અનુકૂળતા પૂછવી જોઈએ, પછી ભલેને પોતાના પિયર કેમ ન જતાં હોઈએ. અને એમ ન કરીએ અને આપણી પોતાની જ પસંદ પ્રમાણે કરીએ ત્યારે સામાવાળાની પસંદ પણ સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ.
- સ્નેહા અચરજથી બા સામું જોઈ રહી. એટલે રમાબા બોલ્યા,
- તને એમ થાય છે ને કે ક્યાં પહેલાંના કડક, જીદ્દી, આપખુદ બા અને ક્યાં હમણાંના નરમ, સમજદાર બા? પણ બેટા, સુખી થવું હોય તો માણસે સમયની સાથે બદલાવું જોઈએ. પોતાના અનુભવમાંથી માણસે શીખ લેવી જોઈએ અને પોતાની ભૂલો સમજીને એને સુધારવી જોઈએ. બહુ વિચાર ન કર. સંજય ટેક્સી લઈને આવતો જ હશે, દક્ષને બોલાવ અને તમે લોકો નીકળો હવે. ખુશીથી ફરી આવો.

સ્નેહા બદલાયેલા બા- સાસુમાને અહોભાવથી નીહાળી રહી હતી, ત્યાં જ સંજય આવી પહોંચ્યો.

- સ્નેહા-દક્ષ, ચાલો ટેક્સી આવી ગઈ છે. બા, અમે જઈએ છીએ, તમારી કાળજી કરજો, કામ પડે તો મને ફોન કરજો. જેશ્રીકૃષ્ણ બા.
- જેશ્રીકૃષ્ણ. બેટા.

# દિપોત્સવી અંક - ૨૦૧૬

| | | | | |
|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા વગર કે સાથે) | ₹ ૪૦૦/- | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)....................................................... (૩) .......................................................

(૪)....................................................... (૫) .......................................................

(૬)....................................................... (૭) .......................................................

(૮)....................................................... (૯) .......................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ..................................... ફોન : (ઘર)...............................(ઓ)...............................

મોબાઇલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૩૦.૦૯.૨૦૧૬ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

## સંસ્કાર કે સ્માર્ટનેસ

જયારે મોટરબાઇક ચલાવનાર યુવાનની પાછલી સીટ પર કોઇ રૂપાળી યુવતી બેઠી હોય ત્યારે મોટરબાઇકની ઝડપ થોડીક વધી જાય છે. આવુ કેમ બને છે ? ઝડપ વધે એનું ખરું કારણ એ છે કે પાછળ બેઠેલી યુવતી પર પોતાની સ્માર્ટનેસ બતાવવાનું યુવકને ગમે છે. ઝડપ અને સ્માર્ટનેસ વચ્ચેનો સુમેળ આજકાલનો નથી. મોટરબાઇક નહોતી ત્યારે ઘોડો હતો અને પૃથ્વીરાજે સંયુકતાનું હરણ કર્યુ ત્યારે પૃથ્વીરાજે સ્માર્ટનેસ વધારવા માટે ઘોડો જલ્દી દોડાવ્યો નહીં હોય ?

આજના યુવાનને સ્માર્ટનેસ બતાવવાનું ગમે છે. એક જમાનામાં સંસ્કારી યુવાનની પ્રશંસા થતી. આજે સ્માર્ટ દેખાતા યુવાનની પ્રશંસા ઝટ થાય છે. કયારેક તો સંસ્કારી યુવાન લલ્લુમાં ખપે છે. સંસ્કારી યુવાન પ્રમાણમાં નિર્વ્યસની, વિનયી અને સત્ય પ્રેમી હોય છે. સ્માર્ટ યુવાન પ્રમાણમાં વ્યસની, બટકબોલો અને કયારેક ઠોકણબાજ પણ હોય છે. સ્માર્ટનેસ યુવતીઓને વધારે ગમે છે. એ સ્માર્ટનેસ ત્રણ શબ્દોમાં ઉતાવળે પ્રગટ થતી હોય છે : આઇ લવ યુ... સામેથી સ્માર્ટ જવાબ મળે છે : આઇ લવ યુ ટુ... બસ, પ્રેમનું ઉદ્ઘાટન થઇ જાય છે. સ્માર્ટનેસ હોય છે ત્યાં છેતરપીંડી પણ હોય છે. એ છેતરપીંડી પણ ખાસ્સી આકર્ષક હોય છે. બન્ને પક્ષને એવી છેતરપીંડી મંજુર હોય છે. મોટરબાઇકની ઝડપ એકદમ વધી જાય ત્યારે સંસ્કાર પાછળ રહી જાય છે. આઇ લવ યુ જેવા શબ્દોના ચુરેચુરા થઇ જાય છે. અને ત્રણ નવા શબ્દો બોલાતા થાય છે. : આઇ હેટ યુ. સ્માર્ટનેસના જખમમાંથી લોહી વહેતુ થાય ત્યારે મોટરબાઇકની ગતિ છોભીલી પડી જતી જણાય છે.

સવારે ચાલ્યા પછી હું કાયમ મધ અને લીંબુનું શરબત પીંઉ છું. એ શરબત મને વિટામિન સી ભેટ તરીકે આપે છે. એ શરબત સંસ્કાર છે, સ્માર્ટનેસ નથી. મારે શું કરવું ? કોકાકોલાના એક ગ્લાસમાં કેટલી સુગર ? એમાં કયુ વિટામિન મળે ? આવા પ્રશ્ન પુછનારા હવે લલ્લુમાં ખપે. હું લલ્લુ મટી જવાની ઉતાવળમાં નથી. એવી સ્માર્ટનેસ શા ખપની, જે લાંબે ગાળે મને નુકશાન પહોંચાડે ? વટના માર્યા ગાજર ખાવામાં મૂર્ખતા છે એટલું સમજવાની અકકલ મારામાં છે. મૂર્ખતા અને સ્માર્ટનેસને વળી શી લેવા દેવા ?

શું સ્માર્ટનેસ અને સંસ્કાર સામસામે હોય કે ? ના, છેક એવું નથી. અમિતાભ બચ્ચનને સ્માર્ટનેસમાં ઓછો આંકવાની આપણી હિંમત ખરી? પિતા હરિવંશરાય બચ્ચન જયારે આખરી માંદગીમાં હોસ્પિટલમાં હતા ત્યારે દીકરો અમિતાભ પિતાજી માટે રોજ ભોજન લઇને હોસ્પિટલમાં જતો અને પિતાજીને જમાડતો. શું એ કામ કોઇ સારો નોકર ન કરી શકયો હોત ? અમિતાભ સ્માર્ટ પણ છે અને સંસ્કારી પણ છે. આજની યુવા પેઢી માટે અમિતાધ રોલ મોડલ ગણાય. એ સંપૂર્ણ શાકાહારી છે, નિર્વ્યસની છે અને અંદરથી સંસ્કારી છે. બોલો એણે શું ગુમાવ્યુ ? સંસ્કાર અને સ્માર્ટનેસ એક જ મ્યાનમાં ભેગા રહી શકે છે એ વાત મહત્વની છે.

આઇ લવ યુ એવા ત્રણ શબ્દમાં ઉપનિષદનો સાર આવી જાય છે. જૂઠાબોલા હોવું એમાં સ્માર્ટનેસ છે એ વાત ખોટી છે. મહાત્મા ગાંધીએ સચ્ચાઇથી છલકાતી સ્માર્ટનેસ કેવી હોય એ દુનિયાને બતાવી આપ્યું. અંગ્રેજોને એ વાત પહેલેથી જ સમજાય ગયેલી આપણને એ હજી પણ નથી સમજાતી !

ખરી વાત એ છે કે સચ્ચાઇ વિનાની સ્માર્ટનેસ નકામી. જૂઠા માણસનો ભરોસો એની પત્ની પણ નથી કરતી અને સાચા માણસનો ભરોસો એના શત્રુઓ પણ કરે છે...

સાભાર : ગુણવંત શાહ

આપણી વેબસાઇટ પર
www.pancholi samaj.0rg
પર જઇ ઇ-નવયુગ પર કલીક કરો અને દરેક માસના નવયુગનું લીસ્ટ આવશે. જે માસનું નવયુગ જોવું હોય એ પર કલીક કરો અને દર મહિને નિહાળો.....
**પંચોલી નવયુગ**
કલરફુલ અંદાઝમા

# કુદરત સાથે વાત.....

આપણે વાર્ષિક સરવૈયુ કાઢીએ ત્યારે નફાતોટાનો તોલ થાય છે. આનંદ - શોકનો નહીં. કેટલું કમાયા છીએ એ જોઇએ છીએ પરંતુ કેટલું સંતોષાયા એના વિશે વિચાર પણ આપણે નથી કરતાં.

રમણીય સૃષ્ટિમાં ઇશ્વરે સૌંદર્ય પાથરી આંખોને રસપાનની રાણી બનાવી છે. આ રાણીને સમર્પણ રૂપે રૂપરૂપનાં અંબાર સમી દ્રશ્યોની ભેટ ધરવી જોઇએ. વાર તહેવારે મંદિરમાં માથુ ટેકવવા જઇએ એમ સચરાચરના મંદિરમાં આંખો ટેકવવા જવું જોઇએ.

વ્યકિતગત રીતે પર્વતોની સામે અને નદીના તટ પર બેસવું ગમે છે. ફરવા જઇએ ત્યારે અમુક ચોકસાઇ રાખીએ કે હોટલ માર્કેટ વિસ્તારથી રિસાઇને દૂર બેઠી હોય.

નદી તટ પર નિરાંતે બેસીને પાણીનો પ્રવાહ નિહાળવાનો આનંદ અલૌકિક છે. નીરખને ગગનમાં એક તું શ્રીહરિ.... એમ નરસિંહ મહેતાએ ગાયુ તો સામે ગાવાનું મન થાય : પરખને પાણીમાં એક તું શ્રી હરિ...

આપણે દર્પણમાં જોઇને વાળ ઠીકઠાક કરીએ એમ આકાશ નદીનાં પાણીમાં જોઇને પોતાનું વ્હાલ વરતતું હશે. નદી નો પ્રવાહ પ્રહર પ્રમાણે વધતો ઓછો થાય. સવારે નદી તટ પર બેસીને જોયેલો પ્રવાહ શાંત હોય અને રાતે એનો વેગ ભય પમાડે. દિવસ દરમ્યાન ઓગળેલો બરફ પોતાનું સત્વ ઉમેરી નદીને પાણીવાન બનાવે.

સંધ્યા ટાણે તેમાં સૂરજ જળ સમાધિ લેતો દેખાય તો એમ થાય કે કાશ, આપણાં બધા જ રાગ દ્વેષને પૂર્વ ગ્રહો પણ સાથે જ સમાધિ લઇ લે.

નદી કિનારે વસેલા ઘરની પરમ ઇર્ષા આવે. મર્યા પછી સ્વર્ગ મળશે કે નહીં એ વિષે અવઢવને આશંકા હોય પણ પર્વતીય વિસ્તારોમાં નદી કિનારે ઘર હોય એમની સામે તો સ્વર્ગ જ વહેતું હોય.

નદીના ભાગ્યમાં સ્વર્ગ અને નર્ક બન્ને એક સાથે જ હોય છે. ગંગા હિમાલયથી નિકળે ત્યારે સ્વર્ગ જેવી હોય અને બનારસના ઘાટ પર પહોંચે ત્યારે મલીનતાનું નર્ક બની જાય.

તટ પર પડેલા છીંપલાં શંખલા વણવાનો હક્ક માત્ર બાળકોનો જ હોય એવું તમે માનતા હોય તો માન્યતામાંથી સત્વરે બહાર નિકળવું જોઇએ. કૂતુહલને ઉંમર થઇ ગઇ હોય તો સમજવું કે વિશ્વનું વૈકુંઠ બહાર બેઠા છીએ..

કાંઠે બેસેલા સૌ જીવ નદી માટે તો સરખાં જ હોય છે. કોણ કેટલું ભણેલું છે ને કેટલી ડિગ્રીઓ ધરાવે છે એની સાથે નદીને કોઇ નિસબત નથી.. હા, એના કાંઠે કોઇ નવયુગલ હાથોમાં હાથ પરોવી નિરાંતે બેઠું હોય તો નદીને જાતે પોતે સેલ્ફી લેવાનું મન જરૂર થાય. કોઇ બાળક કિલ્લા બનાવતું હોય તો એના માટે પાણી પોચો હાથ ફેરવું. કોઇ વૃદ્ધના થાકેલા પગલાંને પખાળી એનો જનમ જનમનો થાક ચોરી લઉં. કોઇ અલ્લડ યુવતી આવે તો એની સાથે ફેરફુદરડી કરી લઉં.

નદીની ઇચ્છાતો આપણને ખબર નથી પણ આપણી જીવન શૈલીમાં નિરાંતનો દુકાળ જરૂર છે. કુદરત સાથે વાત કરી શકે એવું ભણતર કોણ આપશે....

સાભાર : હિતેન આનંદપુરા

# પંચોલી નવયુગ - જરૂરી સૂચના....

શ્રી પંચોલી નવયુગ એ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થા છે. જેમાં 'પંચોલી નવયુગ' પ્રકાશન મહામંડળના વખતો વખતના નિયમોને ધ્યાનમાં રાખી પ્રકાશિત કરવામાં આવે છે. આ કોઇ કોમર્શીયલ પ્રકાશન નથી પરંતુ સમાજ સેવાના ઉદ્દેશથી કરવામાં આવતી એક પ્રવૃત્તિ છે. જેમાં સેલરી બેઝ નહીં પરંતુ ઓનરરી સેવા આપવામાં આવે છે, તેમાં માત્ર સમાજના જ સમાચારો, સમાજના સભ્યો દ્વારા મળતા લેખો, કાવ્યો મહામંડળના નિયમ મુજબ તંત્રીશ્રીને આપેલ સત્તા મુજબ છાપવામાં આવે છે. જેમાં વખતો વખત સામાન્ય સભાની કાર્યવાહી મુજબ ફેરફારને પાત્ર છે.

કોઇપણ લેખ, કાવ્ય કે અન્ય મેટર છાપવી કે નહી એ પ્રકાશન સમિતિની સત્તાને આધિન છે, આ માટે કોઇ પત્ર વહેવાર કરવો નહીં.

**મહામંડળ, કોઇ પણ એકમ, અથવા વ્યકિત વિરુધ્ધનું લખાણ, લેખ, જાહેરાત મોકલવી નહી, એ છાપવામાં આવતી નથી, આમ છતાં ભુલથી છપાય જશે તો તેની સંપૂર્ણ જવાબદારી મેટર મોકલનારની રહેશે..**

<u>કોઇ પણ તકરારી મેટર અથવા કોઇના વાંધા મળેલ હશે એવી મેટર છાપવામાં આવશે નહીં.</u>

પંચોલી નવયુગમાં પ્રકાશિત થતી મેટરની સત્યતા અત્રેથી ચકાશવામાં આવેલ નથી તથા પ્રકાશિત થયેલ મેટર સાથે તંત્રી અથવા મહામંડળ સંમત છે એમ માનવું નહીં. મેટરની તમામ જવાબદારી મેટર મોકલનારની રહેશે.

સમય મર્યાદાબાદ મળેલ મેટર જે તે અંકમાં પ્રકાશિત થશે નહીં તેની જવાબદારી તંત્રીની રહેતી નથી.

સોશ્યલ મીડીયા દ્વારા મોકલવામાં આવેલ મેટર અસ્વીકાર્ય છે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## અધુરી કહાની...

મેં તને પહેલાં જ કીધું હતું કે આ સુરેન્દ્ર અને એની પત્ની સુનિતાનો ભરોષો કરવા જેવો નથી. ગમે તેટલી પાકી બહેનપણી હોય તોયે શું થઇ ગયું ? જોયું ને આનું પરિણામ.. આજે દોઢમહિનો થયો છતાં પણ લીધેલા રૂા. ૫૦,૦૦૦/- પાછા આપ્યા નથી.

સીમા ચુપચાપ સાંભળતી રહી.. કારણ કે તેના પતિ રાકેશની વાત ખોટી ન હતી.

જુઓ રાકેશ, હું અત્યારે જ સુનિતાને મળી આવું છું અને પૈસા પરત કયારે આપે છે ? એ પૂછી આવું છું. તમે જરાય ચિંતા કરશો નહીં. સુનિતાનું કામ પાકું છે. હિસાબમાં એ ચોકખી છે... કોઇ તકલીફ આવી ગઇ હશે.. સીમાએ પતિને શાંત પાડયા.

સીમા અને સુનિતા પાકા બહેનપણા છે. રાકેશ H.D.F.C. બેંકમાં મેનેજર છે જયારે સુનિતાનો પતિ સુરેન્દ્ર ઓછું ભણેલો હતો. શેરબજારમાં થોડો ઘણો નફો કરે તેમાંથી ગાડું ગબડતું હતું.

સુનિતાનો સ્વભાવ મળતાવડો હતો. રસોઇમાં તે એકસપર્ટ હતી. વિધ વિધ નાસ્તા એવા બનાવે કે બધા આંગળાં ચાટતા રહી જાય.

બે-પાંચ હજારની મદદ તો કેટલીવાર સુનિતાને સીમાએ કરી હતી. દર વખતે સુનિતા સમયસર પૈસા પાછા આપતી હતી. એટલે સીમાને સુનિતા પર પૂરેપુરો ભરોષો હતો. આ વખતે પુરા ૫૦,૦૦૦/- હજાર માંગતા સુનિતાની પણ જીભ ઉપડતી ન હતી. પણ મને કમને સીમા પાસે કરગરી. 'સીમા આ છેલ્લીવાર મદદ કરી દે ' સુરેન્દ્રને મે શેરબજારનું કામ છોડવા મેં ઘણો સમજાવ્યો. પણ માન્યો જ નહીં. અને સટ્ટામાં રૂા. ૫૦,૦૦૦નું નુકશાન થયું. ઉઘરાણી વાળા રાત-દિવસ એમની આગળ પાછળ ફર્યા કરે છે. હું તને ૧૫ દિવસમાં ૫૦ હજાર ગમે તેમ કરીને આપી દઇશ. મારી લાજ રાખી લે સીમા...'

સીમા પણ મુંઝાય ગઇ. પતિ રાકેશને કઇ રીતે સમજાવવો પણ હિંમત કરીને રાકેશને મનાવીને બહેનપણી સુનિતાને રૂા. ૫૦,૦૦૦/- હજારની મદદ કરી. ૧૫ દિવસને બદલે દોઢ મહિનો થવા છતાં સુનિતા તરતથી રૂા. પરત ન મળતા રાકેશનું મગજ ગરમ થઇ ગયું. અને ગુસ્સો સીમા પર ઉતાર્યો. સીમા બપોરે ઘરનું કામકાજ પતાવી બીજી શેરીમાં રહેતી બહેનપણી સુનિતાને ઘરે રીક્ષામાં પૈસા પાછા માંગવા પહોંચી. નજીક પહોંચતા જોયું તો સુનિતાના ઘર પાસે ટોળું હતું. પોલીસની જીપ અને એમ્બ્યુલન્સ પણ સાયરન વગાડતી આવી. સીમા જલ્દી જલ્દી ટોળું હટાવી ઘરમાં દાખલ થઇ તો અવાક થઇ ગઇ....

સુનિતાના પતિ સુરેન્દ્રનો દેહ પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં હતો...

જ્ઞાતિજનો આ અધુરી વાર્તાને તમારે પુરી કરવાની છે અને યોગ્ય શિર્ષક પણ આપવાનું છે.. ૨૫ થી ૩૦ વાકયની મર્યાદામાં લખીને તા. ૨૦.૮.૨૦૧૯ સુધીમાં ડો. મહેશભાઇને મોકલી આપશો... પસંદ પામેલ પ્રથમ કૃતિ રૂા. ૫૦૦/- દ્વિતીય કૃતિ રૂા. ૨૫૧/- ઇનામ આપવામાં આવશે.

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી

દવાખાનુ, જોષિયા ફળીયું અંકલેશ્વર ૩૯૩ ૦૦૧

## પ્રભાતના પુષ્પો...

એક જ ભૂમિ પર પગલાં માંડતા આપણે પ્રવાસીઓ છીએ.. આપણે બન્ને પ્રગતિ પંથના પ્રેમીઓ છીએ.. કુદરતે આપણને બધી જાતની સગવડો આપી છે. એમાં એણે પક્ષપાત રાખ્યો નથી.

જે સૂર્ય તમારે માથે તપે છે એજ અમને પ્રકાશ આપી રહ્યો છે. અને જે હવા આપના ફેફસામાં પ્રાણ પુરે છે એજ અમને મળે છે.

ખરેખર આપણે બન્ને બાદશાહના બાદશાહ છે. અને આમ છતાં પણ તમે તમારી જાતને સુખી બનાવી શકતા નથી. એનું કારણ તમારી ગુલામી મનોવૃત્તી છે કે જેમાં ઈર્ષા સિવાય બીજું કોઇ તત્વ નથી.

અમે અમારી તાકાતથી આગળ વધીએ છીએ. અને તમે પાછળથી પથ્થર મારીને અમારી ગતિને અટકાવવાના પ્રયત્નો કરો છો. તમે ડગલું પણ નવુ ભરવા માંગતા નથી અને અમારી ગતિ અટકાવીને તમે તમારી જાતને સંતોષ આપો છો કે તમે આગળ વધી રહ્યાં છો અમારી વાડીમાં પ્રભાતના પુષ્પો ખીલે છે. અને દૂર દૂરથી પંખીઓ એની સુવાસ માણવા દોડી આવે છે. સંગીત અને સુગંધને લીધે અમારો બાગ મસ્ત બની જાય છે. ભૂમિમાં અમારા રકતનું ખાતર પુરીને અમે સુવાસ ઉત્પન્ન કરીએ છીએ. જયારે તમે એવું કંઇ કરવા માંગતા નથી અને કાગળના ફુલ પર અત્તર છાંટીને લોકોને આકર્ષવા માટે પોકાર પાડો છો. કે અહીં આવો...અમારી પાસે પણ પ્રભાતના પુષ્પો છે...

સાભાર : વજુ કોટક

# પંચોલી સમાજ માર્ગદર્શક મંડળ

લાયકાત એજ લાયકાત
ઓળખાણ એજ મોટામાં મોટી ખાણ
માનવ સેવા એજ પ્રભુ સેવા
ઉપરોકત કહેવતો ધ્યાનમાં લઈને......

સમસ્ત પંચોલી સમાજના દરેક એકમોમાં જે સભ્યો સારી એવી જગ્યાએ છે કે સરકારી કર્મચારી, ડૉકટર, વકીલ, શિક્ષક, એકાઉન્ટન્ટ, પોલિસ ડિપાર્ટમેન્ટ, પોલિટીશ્યન / જિલ્લા સેવા સદન, નગરપાલિકા, વિજળી વિભાગ, ગ્રાહક સુરક્ષા, મેડિકલ સ્ટોર, સામાજિક કાર્યકર કે અન્ય જેઓ પોતાના કાયમી, વફાદારીથી અને સમાજ સેવાની ભાવનાથી સમાજના સભ્યોને કોઈક રીતે મદદરૂપ થઇ શકે એવા વ્યકિતઓની માહિતી ભેગી કરી.. જેવી કે નામ, સરનામું, ફોન નંબર, મળવાનો સમય, નોકરીનો પ્રકાર, હોદ્દો કે કોઇ અન્ય કામો કે વિષયમાં યોગદાન આપી શકે એવા સભ્યોની સંપૂર્ણ માહિતીને સમાજના સભ્યો સુધી પંચોલી નવયુગ દ્વારા પ્રકાશિત કરી સમાજના સભ્યોને લાભદાયી પુરવાર થાય એ હેતુથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આ ફોર્મ પ્રકાશિત કરી સમાજના સભ્યોની માહિતિ ભેગી કરવાનું વિચાર્યુ છે.

એટલે આવા સમાજના ઘણા બધા સભ્યો પોતાની સમાજ સેવાની ભાવના કામ કરતા હોય છે જેથી તેમનો લાભ સમાજના બીજા એકમના સભ્યો પણ લઇ શકે એ હેતુથી આપ સર્વેને નમ્ર અરજ છે કે આપ સર્વેના સાથ અને સહકારથી 'શ્રી પંચોલી સમાજના માર્ગદર્શક મંડળ' નામથી એક પંચોલી નવયુગનો સરસ અંક સમાજ સમક્ષ રજુ કરવાનો છે. તો સમાજના દરેક સભ્યને તેમની વિકટ પરિસ્થિતિમાં રામબાણ પુરવાર થાય. તો સમાજના આગેવાનો ને નમ્ર અરજ છે કે આ ફોર્મની વિગત ભરી મહામંત્રીશ્રી રાજેશભાઇ ધીરજલાલ પંચોલી-વ્યારાને મોકલશો.

દાત : આપણા સમાજના કોઇ સભ્ય સુરત મહાનગરપાલિકામાં પોતાની ફરજ બજાવે છે અને બીજા કોઇ શહેર કે એકમમાંથી આપણા જ જ્ઞાતિજન ને સુરત મહાનગરપાલિકામાં કંઇ કામ માટે આવવાનું થયું અને સંજોગોવસાત એ કામમાં કંઇ ગુચવણ ઉભી થઇ ત્યારે તેઓ આપણા સમાજના જ્ઞાતિજનને પોતાની ઓળખાણ કે કામમાં તેમના માર્ગદર્શન થી કે સલાહ સૂચન કે એ કામમાં તેઓ વચ્ચે રહીને સમાજના ભાઇને પોતાની ઓળખાણ કે પદના પ્રભાવથી કામમાં મદદરૂપ થઇ શકે જેથી આપણા જ્ઞાતિજનની બધી અડચણો, અને સમયનો બગાડ બચી શકે અને એ વ્યકિત કામ પૂર્ણ થયાથી રાહત અનુભવે..

# સમાજોપયોગી માહિતી

ગર્વમેન્ટની જન સુરક્ષા માટેની ત્રણ યોજનાઓ આવી છે જેમાં..

(૧) બેંકમાં રૂા. ૧૨/- દર વર્ષે ભરી રૂા. ૨ લાખથી તમારા કુટુંબને અકસ્માત મૃત્યુમાં સુરક્ષિત કરી શકાય છે. આ યોજના માત્ર અકસ્માત મુત્યુ માટે જ છે.

(૨) જીવન જ્યોત યોજના :

૧૮ થી ૫૦ વર્ષની કોઇપણ વ્યકિત બેંકમાં રૂા. ૩૩૦/- દર વર્ષે ભરી કોઇપણ પ્રકારના મૃત્યુથી પોતાના કુટુંબને સુરક્ષિત કરી શકે છે. તા. ૩૧.૫.૨૦૧૬ પછી પ્રિમીયમ ભરનારને શરૂઆતના ૪૫ દિવસ(અકસ્માત સિવાયના) મૃત્યુનો લાભ મળતો નથી. અકસ્માત મૃત્યુનો લાભ મળી શકે છે.

(૩) અટલ પેન્સન : આ યોજનામાં કોઇપણ બેંક દ્વારા મેમ્બર બની શકાય છે. અને રૂા. ૧૦૦૦, ૨૦૦૦, ૫૦૦૦=- સુધીનું માસિક પેન્સન ૬૦ વર્ષની ઉંમર પછી મળે છે. તે માટે એક કોઠો આપલો છે જેમાં ઉંમર અને પેન્સનની સામે ભરવા પાત્ર પ્રિમિયમ જણાવેલ છે...

Website : www.jansuraksha.gov.in પરથી ગુજરાતીમાં પણ તમામ વિગતો મેળવી શકાશે..

પદ્માકાંતભાઇ એમ. પંચોલી-વડોદરા

## અનુકરણીય

સુરત નિવાસી શ્રીમતિ પીન્કી તથા હિરેન મિસ્ત્રી તરફથી



**રાધે ઈલેક્ટ્રોનિક ની પ્રથમ એનીવર્સરી નિમિતે પંચોલી નવયુગને રૂા. ૧૦૦૧/- ભેટ મળ્યા......આભાર....**

**તંત્રીશ્રી**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સ્થાપના વર્ષ-૧૯૯૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

# પંચોલી સમાજ માર્ગદર્શક મંડળ

નોંધ : અહીં નીચે મુજબના વિભાગમાં પંચોલી સમાજના સભ્યો એજ આ ફોર્મ ભરીને મોકલવું...

| | | | |
|---|---|---|---|
| સરકારી કર્મચારી | પોલિસ ડિપાર્ટમેન્ટ | ગ્રાહક સુરક્ષાદળ | ડૉકટર |
| પૉલીટીશ્યન | કૉર્પોરેટર | મેડીકલ સ્ટોરમાલિક | વકીલ |
| જીલ્લા સેવા સદન | સામાજિક કાર્યકર્તા | એકાઉન્ટન્ટ | નગરપાલિકા |
| શિક્ષક | વિજળી વિભાગ | | |

નામ : ____________________

સરનામુ : ____________________

____________________

____________________ પીનકોડ : ____________________

ફોન નંબર : ____________________ સંપર્ક કરવાનો સમય ____________________

મોબાઇલ નં. : ____________________ સંપર્ક કરવાનો સમય ____________________

નોકરી કે વ્યવસાયનો પ્રકાર કે વિભાગ ____________________

સરકારી કર્મચારીનો હોદ્દો : ____________________

નોકરી કે વ્યવસાયનું સરનામું : ____________________

____________________

ફોન નંબર : ____________________ સંપર્ક કરવાનો સમય ____________________

વિશેષ માહિતી : ____________________

____________________

**ફોટોગ્રાફની એક કોપી મોકલવી.**

**અરજી મોકલવાનું સરનામું**
મહામંત્રીશ્રી
**શ્રી રાજેશભાઈ ધીરજલાલ પંચોલી**
કાનપુરા, મેઈનરોડ, કેતન ખમણ હાઉસની સામે,
વ્યારા. જિ. તાપી-૩૯૪૬૫૦
મો. : ૯૮૭૯૫૪૭૪૬૯

____________________
સભ્યની સહી

નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

# સંસ્થા સમાચાર

## યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઈ
## ઓવર નાઈટ પીકનિક ટુ મનોર





યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા તા. ૨.૭.૨૦૧૬ અને તા. ૩.૭.૨૦૧૬ના રોજ પાલઘર પાસે આવેલ મનોર ખાતે ઓવર નાઈટ પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. મનોરના રમણિય સ્થળે વરસાદી માહોલમાં માધવધામ બંગ્લોઝ અને રીસોર્ટ ખાતે આ મનોરંજક પીકનીક કુલ્લે ૩૫ સભ્યોએ માણી હતી.

નકકી થયેલ સમય પ્રમાણે તા. ૨ના રોજ સવારે સૌ ટ્રેન મારફતે પાલઘર પહોચ્યા હતાં. સૌ સાથે હોવાથી પ્રવાસની મઝા આવી. પાલઘરથી કાર મારફતે મનોર પહોચ્યા. વૈતરણા નદીના કાંઠે સ્થિત બંગ્લોઝ અત્યંત સુંદર હતો. પાણીનો ખળખળ અવાજ અને પક્ષીઓનો કલરવ અને પ્રકૃતિનું સાનિધ્ય ! આજ પુરતું છે. મનને આનંદ વિભોર કરવા સૌએ બપોરે જમણ લીધા બાદ સ્વીમીંગનો આનંદ લીધો. વિવિધ પુલ ગેમ્સ રમ્યા. ત્યારબાદ વરસતા વરસાદમાં ફુટબોલ રમવાનો આનંદ માણ્યો. નાનાં બાળકો પરિસરમાં ક્રિકેટ રમ્યા. સાંજ પડતા રેસ્ટ કરતા સંગીત અને નૃત્યનો આનંદ માણ્યો. રાત્રે મોડે સુધી બાળપણને યાદ કરી બંગલામાં વિવિધ જ્ઞાનવર્ધક અને મનોરંજક રમતો રમ્યા. બીજે દિવસે સવારે નદીનો પટ જોવા નીકળ્યાં. ત્યાં ઉગતી વિવિધ વનસ્પતીઓ, વરસાદી જીવજંતુઓ અને પ્રાણીઓ જોયા. ફરીથી પુલની મઝા માણી. તે દિવસે સર્વે સદસ્યોએ ભેગા મળી સમાજના આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરી. સાંજે પાંચ વાગે ત્યાંથી નિકળી સૌએ ઘર તરફ પ્રયાણ કર્યુ.

સાથે ભેગા મળી જે આનંદ લીધો તેની સ્મૃતિઓને વાગોળતા આવિસ્કાર ગૃપના પ્રમુખશ્રી નકુલ ભાવિક કાપડિયાએ આગામી કાર્યક્રમો માટે પ્રોત્સાહિત કરવા સૌને કહ્યું. મંત્રી શ્રીમતિ દેવાંગ ગાંધીએ પિકનીકનું આયોજન કરવા બદલ કારોબારી સભ્યો અને પિકનીક માટે આવેલ સર્વે સદસ્યોનો આભાર વ્યકત કયો. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના પ્રમુખ શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રીને પિકનીકમાં જોડાવા તેમજ તેમનો સહકાર આપવા માટે આભાર વ્યકત કર્યો. આગામી કાર્યક્રમોમાં ભાગ લઈ સફળ બનાવવા માટેની આશા સહ....

### શ્રી પંચોલી સેવા સમાજ - પાવી જેતપુર

શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુર એકમની મિટિંગ તા. ૨૬.૦૬.૨૦૧૬ને રવિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે પ્રમુખશ્રી ગણપતભાઈ ભટાભાઈના નિવાસ સ્થાને એમના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવી.

એકમના સભ્યો હાજર થતા સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. ગત મિટિંગ તા.૨૮.૧૦.૧૫ને બુધવાર ના રોજ ગજેન્દ્રભાઈ પંચોલીને ત્યાં મળેલ મિટિંગનો અહેવાલનું વાંચન કરવામાં આવ્યું.

આજ રોજની સભામાં એકમના તમામ સભ્યોને ૨૦૧૬ના વર્ષ માટેનો વાર્ષિક ફાળો, નવયુગ માટેનો ફાળો તથા આજરોજ શૈક્ષણિક સહાય માટેની મિટિંગનું આયોજન કરેલ હોય ઉપરોકત ફાળો આપવા માટે પ્રમુખશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો.

પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ વિનંતીને માન આપીને આજની સભામાં હાજર તમામ સભ્યોએ યથાશકિત નીચે મુજબ ફાળો આપવા માટે જાહેરાત કરવામાં આવી.

| નામ | સ.ફા. | નવયુગ | શૈ.સ. |
|---|---|---|---|
| સ્વ. શાંતાબેન ભટાભાઈના સ્મરણાર્થે | - | - | ૩૫૧ |

| | | | |
|---|---|---|---|
| પંચોલી ગણપતભાઇ ભટાભાઇ | ૧૦૦ | ૫૦ | - |
| પંચોલી કનુભાઇ હિંમતભાઇ | ૧૦૦ | ૫૦ | ૨૫૧ |
| પંચોલી શંકરલાલ અંબાલાલ | ૧૦૦ | ૫૦ | ૨૫૧ |
| પંચોલી ગોપાલભાઇ ભટાભાઇ | ૧૦૦ | ૫૦ | ૧૫૦ |
| પંચોલી શંકરલાલ ચીમનલાલ | ૧૦૦ | ૫૦ | ૫૦ |
| પંચોલી વિઠ્ઠલભાઇ મંગુભાઇ | ૧૦૦ | ૫૦ | - |
| પંચોલી ગજેન્દ્રભાઇ પરસોત્તમભાઇ | ૧૦૧ | ૫૦ | ૧૦૦ |

ઉપર મુજબ આવેલ ફાળાનો સહર્ષ સ્વીકાર પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવ્યો. બાકી રહેલ સભ્ય સ્થાને પણ ઉપરોક્ત ફાળો આપવા માટે વિનંતિ કરવામાં આવે છે.. આજરોજની સભામાં નીચે પ્રમાણેના એકમના સભ્યના બાળકોને શૈક્ષણિક સહાય અદા કરવામાં આવી

| | |
|---|---|
| ૧ કાવ્ય નિમેશભાઇ પંચોલી | દફતર, નોટ, પેન્સીલ |
| ૨ તનય હિરેનકુમાર પંચોલી | દફતર, નોટ, પેન્સીલ |
| ૩ સવ્ય ચિરાગકુમાર (કનુભાઇ) | દફતર, નોટ,પેન્સીલ |
| ૪ યજ્ઞ ગજેન્દ્રભાઇ પંચોલી | નોટો, પેન્સીલ વિગેરે |
| ૫ જયનીલ ભૂપેન્દ્રભાઇ પંચોલી | દફતર, નોટ, પેન્સીલ |
| ૬ ફાલ્ગુની વિઠ્ઠલભાઇ પંચોલી | ચોપડા-પેન |
| ૭ કાવ્યા અલ્પેશભાઇ પંચોલી | ચોપડા-પેન |
| ૮ કિંજલ ગોપાલભાઇ પંચોલી | ચોપડા-પેન |
| ૯ પિનલ શંકરભાઇ પંચોલી | ચોપડા-પેન |
| ૧૦ અત્રિ નિમેશભાઇ પંચોલી | ચોપડા-પેન |
| ૧૧ કિંજલ વિઠ્ઠલભાઇ પંચોલી | ચોપડા-પેન |

ઉપર પ્રમાણેના તમામ બાળકોને એકમના પ્રમુખશ્રી તથા સભ્યોના વરદ હસ્તે શૈક્ષણિક કીટસ અદા કરવામાં આવી. આજરોજની મિટિંગમાં પ્રમુખશ્રી તથા આવેલ સભ્યો દ્વારા જે બાકીના સભ્યો મિટિંગમાં સતત ગેરહાજર રહે છે તેમને મિટિંગમાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.અંતમાં પ્રમુખશ્રી ગણપતભાઇ તથા તેમના પરિવારજનો દ્વારા મિટિંગમાં આવેલ તમામ ભાઇ બહેનો અને બાળકોને અલ્પાહાર દારા સ્વાગત કરવામાં આવ્યું અને શરબત આપવામાં આવ્યું અંતમાં ભુરીબેનના ભજન દ્વારા મિટિંગની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## શ્રી પંચોલી સમાજ - અમદાવાદ

શિવાનંદ આશ્રમ જોધપુર ટેકરા અમદાવાદ આયોજીત સ્વામીશ્રી ચિન્મયાનંદજીની સો વર્ષની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે આશ્રમમાં જુદી જુદી સ્પર્ધાઓ સાથે ચિત્ર હરિફાઇનું આયોજન થયું ચિત્ર હરિફાઇના નિર્ણાયક તરીકે સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલીએ સેવા આપી. તા. ૧૯.૬.૨૦૧૬ને રવિવારે આશ્રમના ઓડિટોરીયમમાં શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્ર ચુડાસમાની નિશ્રામાં બધી હરિફાઇના ઇનામ વિરણ સાથે નિર્ણાયકોનું બહુમાન કરાયું.

ફાયનલ ડેસ્ટીનેશન યોજીત ગ્રાન્ડ ફિનાલે મેગા કોમ્પીટીશન-૨૦૧૬ના મહેંદી અને ચિત્ર સ્પર્ધાના નિર્ણાયક તરીકે સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલી હતા. મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૧૫.૭.૨૦૧૬ ખાતે બુકે દ્વારા બહુમાન કરાયું.

રાજપીપલા વિભાગ મિત્રમંડળ વડોદરાની સામાન્ય સભા તા. ૩.૭.૨૦૧૬ના રવિવારે ગુરૂકુળ વિદ્યાલય ખાતે સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલી મુખ્ય મહેમાન રહ્યા. ૧૫૦ ઉપરાંત સભ્યોની હાજરીમાં શાલ-બુકે દ્વારા બહુમાન. મૈત્રીસેતુ આમંત્રણ પત્રિકામાં બધા ફેમીલી મેમ્બરના ફોટોગ્રાસ સાથે શ્રી જય પંચોલીનો પરિચય વિગતે લેવાયો. ઉપરોક્ત સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન...

## શ્રી પંચોલી સેવા સમાજ - મુંબઇ

શૈક્ષણિક સહાય : સ્વ. શ્રી ડૉ. મધુસુદન ઝીણાભાઇ કાપડિયાના સ્મરણાર્થે તેમના પત્નિ ચંદ્રકાંતાબેન મધુસુદન કાપડિયા તેમજ તેમના સુપુત્રો શ્રી પૂર્વેશ મધુસુદન કાપડિયા અને ડૉ. શ્રી પ્રણય મધુસુદન કાપડિયા તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇને શૈક્ષણિક સહાયમાં વ્યાજ વપરાશ માટે રૂા. ૧,૧૧,૧૧૧/- માતબર દાન મળ્યું છે.

**કન્યાદાન :**

શ્રીમતિ હિરલબેન નિલેશભાઇ પંચોલી-કાંદીવલી તરફથી રૂા. ૫,૦૦૦/- વ્યાજ વપરાશ માટે..

શ્રી પ્રદિપકુમાર હરકિશનદાસ પંચોલી- મીરારોડ તરફથી રૂા. ૫,૦૦૦/-

એક સદ્‌ગૃહસ્થ તરફથી મિસ્ત્રી પરિવાર-મુંબઇ રૂા. ૧૦,૦૦૧/- વ્યાજ વપરાશ માટે.

શ્રીમતિ તરૂલતા જીતેન્દ્રભાઇ મિસ્ત્રી - નવસારી તરફથી રૂા. ૫,૦૦૦/- વ્યાજ વપરાશ માટે.

**વિધવા સહાય** : એક સદ્‌ગૃહસ્થ મિસ્ત્રી પરિવાર-મુંબઇ તરફથી રૂા. ૫,૦૦૧/- વ્યાજ વપરાશ માટે.

**નિભાવફંડ** : શ્રી ચિંતન પ્રદિપભાઇ પંચોલી મીરારોડ તરફથી રૂા. ૨,૨૨૨/-

શ્રી કૌશિકભાઇ પરમાનંદભાઇ પંચોલી મીરારોડ તરફથી રૂા. ૨,૧૧૪/-

શ્રી દિપકભાઇ ચુનીલાલ પંચોલી-વસઇ તરફથી રૂા. ૨,૨૨૨/-

શ્રી લકીર દિપકભાઇ પંચોલી - વસઇ તરફથી રૂા. ૨,૨૨૨/-

શ્રી ડેનિશ દિપકભાઇ પંચોલી-વસઇ તરફથી રૂા. ૨,૦૧૭/-

**વેબસાઇટ** : એક સદ્‌ગૃહસ્થ - મિસ્ત્રી પરિવાર તરફથી રૂા. ૫,૦૦૧/- દાતાઓનો આભાર.....

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ, વડોદરાના ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની સંયુકત સભા તા. ૨.૭.૨૦૧૯ના રોજ રોયલ ગોલ્ડ કલબ હાઉસમાં મળી. દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલી આપી. વર્ષ ૨૦૧૫-૧૯ના હિસાબો મંજુર કરવામાં આવ્યા. સંખેડા, બહાદરપુર, છોટાઉદેપુર, રાજપીપલા તેમજ વડોદરાના સભ્યો દ્વારા ભવનફંડ માટે મળેલ સહકારની સહર્ષ સરાહના કરવામાં આવી. બાંધકામની જરૂરીઆત ખુબ મોટી છે. પરંતુ સૌના સહકારથી આ ભગીરથ કાર્ય સંપન્ન થશે એવી શ્રદ્ધા વ્યકત કરવામાં આવી. સમગ્ર પંચોલી સમાજ વડોદરાના સભ્યો અને દાતાઓ માટે એક સુંદર કાર્યક્રમનું આયોજન દેવદેવાળીની આસપાસ વડોદરાના ટાઉનહોલમાં કરવામાં આવશે. આ આયોજન દિપાવલી પર્વનું શુભ મિલન તો થશે જ અને સાથે સાથે ભવન નિર્માણ તરફનું એક કદમ પણ હશે. કાર્યક્રમના સ્થાન-સમયની જાહેરાત ઉચિત સમયે કરવામાં આવશે.

ભવન માટે સંપાદિત ભૂમિ ટી.પી. ફાયનલ થતા બાંધકામના નકશા મંજૂર કરાવવામાં આવશે. સમાજના યુવા વર્યના સક્રિય સહકારથી વેબસાઇટ તેમજ વિવિધ એકમોની મુલાકાત તેમજ સ્થાનિક પરિવારોના સંપર્કમાં વેગ આવશે અને સુવિધાપૂર્ણ સમાજભવનનું નિર્માણ થશે....જય સમાજ... સૌનો સાથ, સમાજનો વિકાસ...

પંચોલી સમાજ-વડોદરા

વડોદરાના શ્રીમતિ સંગીતાબેન તથા દિપ્લેશભાઇ રમેશભાઇ પંચોલી ત્રણ માસ માટે યુ.એસ.એ. ગયા..

બરોડાના ભરતભાઇ નટવરલાલ પંચોલીની સુપુત્રી ચિ. અર્પિતા (Master of Professional Accountings) વધુ અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલીયા ગયા છે તેની ખુશાલીમાં બરોડા સમાજને રૂા. ૧૦૦/- ભેટ આપ્યા..

દિપ્લેશભાઇ તથા અર્પિતાબેનને પુષ્પગુચ્છ આપી પંચોલી સમાજ વડોદરા તથા તેજસ્વીની મહિલામંડળે પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી.

**કારકીર્દિ માર્ગદર્શન** : વડોદરાના પ્રખ્યાત ઇન્દુકલાસીસના સહયોગથી કારકીર્દિ માર્ગદર્શનનું આયોજન વડોદરા સમાજ દ્વારા સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં કરવામાં આવેલ છે. વડોદરા સમાજના વાલીઓ-વિદ્યાર્થીઓ કે જે ધો. ૯,૧૦ અને ૧૨ તેમજ કોલેજમાં અભ્યાસ કરતા હોય તેમણે તેમના નામ નીચે જણાવેલ નામ અને મો. નંબર પર તા. ૨૦.૦૮.૨૦૧૯ સુધીમાં નોંધાવવા વિનંતી છે. એક વિદ્યાર્થી સાથે તેમના માતા-પિતા બન્ને આવી શકશે. સ્થળ, સમય અને તારીખ નોંધણી કરાવનાર વિદ્યાર્થીને જણાવવામાં આવશે.

પદ્માકાંતભાઇ પંચોલો-પ્રમુખ(૯૮૨૮૪ ૨૮૩૯૯)
દેવાંગભાઇ પંચોલી-મંત્રી (૯૮૨૫૭ ૦૫૮૯૯)
નરેશભાઇ - શૈ.કન્વીનર (૯૯૦૧૫ ૨૨૨૯૫)
હરનીશભાઇ-સહ કન્વીનર (૯૮૭૯૧ ૫૮૫૪૩)

## પંચોલી સેવા મંડળ - રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને નીચે મુજબની ભેટ મળી.

૧૫૧ શ્રી ગિરિશચંદ્ર બાબુભાઇ પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે.
૧૦૧ શ્રી ધર્મેન્દ્રકુમાર છીતુભાઇ પંચોલી-નવી ગાડી ની ખરીદી નિમિત્તે.
૫૧ શ્રી રવિકુમાર ધર્મેન્દ્રકુમાર પંચોલી-બર્થડે નિમિત્તે.
૨૦૦ ગં.સ્વ. ભાનુમતીબેન ગણપતભાઇ પંચોલીના સ્મરણાર્થે જ્યોત્સનાબેન દિલીપકુમાર પંચોલી તરફથી.
૫૦૦૧ સ્વ. અગમશરણ ધીરજલાલ પંચોલીના સ્મરણાર્થે ફોટોસ્કીમમાં... હસ્તે : સાધશરણ અગમશરણ પંચોલી

# મહિલા સમાચાર

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ તા. ૩-૭-૨૦૧૯ના રોજ પંચોલી સમાજની વાડીમાં મિટિંગ થઇ. પ્રમુખ શ્રીમતિ બેલાબેને સૌ બહેનોને આવકાર્યા. કુસુમબેનની પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. રથયાત્રા પ્રસંગની માહિતી બેલાબેને આપી. અંજલીબેન પચ્ચીગરે પંચોલી સમાજમાં વિશિષ્ટ દાન આપવા બદલ મહિલા મંડળના હોદ્દેદારોએ આભાર વ્યકત કર્યો.

ચાલુમાસમાં આવતી બહેનોની બર્થડે-એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવી. આજરોજ ગજરા ગુંફન સ્પર્ધા રાખવામાં આવી હતી. નિર્ણાયક તરીકે રીનલબેન જીજ્ઞેશભાઇ પંચોલીએ સેવા આપી. જેમાં પ્રથમ : નેશા જેનીશભાઇ પંચોલી અને દ્વિતીય રીટાબેન રાકેશભાઇ ગાંધી આવ્યા.

આજરોજ નવયુગ કવીઝની સ્પર્ધા થઇ. જેમાં દરેક બહેનોને ૧૨ સવાલો નવયુગમાંથી પૂછ્યા હતા.તેના જવાબ લેખિતમાં આવ્યા. એ સ્પર્ધાના નિર્ણાયક આનંદીબેન ભરતભાઇ પંચોલીએ સેવા પુરી પાડી. સૌથી વધારે જવાબો આપનાર બહેનને વર્ષના અંતે ઇનામ આનંદીબેન તરફથી આપવાની જાહેરાત કરી.

સરપ્રાઇઝ ગેમ રમ્યા. જેના વિજેતા કુસુમબેન શાંતિલાલ પંચોલી બન્યા. ચાલુમાસમાં ગુરૂપૂર્ણિમાં આવતી હોવાથી રીટાબેને ગુરૂ મહિમા સમજાવ્યો. આવતા માસની મિટિંગ ૭.૮.૨૦૧૬ના રોજ રાખવાનું નક્કી કર્યુ. જેમાં દેશભક્તિગીત સ્પર્ધા રાખવામાં આવી. ઓગસ્ટ માસની મિટિંગમાં કેસરી, સફેદ અનેલીલા રંગના કપડાનો કોડ રાખવામાં આવ્યો.

૫૧ /- ગીતાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

## તેજસ્વીની મહિલા મંડળ વડોદરા

તા. ૧૮.૭.૨૦૧૬ના રોજ નિકુંજબેનના નિવાસ સ્થાને મિટીંગ રાખવામાં આવી. જેમાં ૧૯ બહેનો હાજર રહી હતી. નિકુંજબેને સૌને ઠંડા પીણાંથી આવકાર્યા. ત્યારબાદ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. રાજપીપલાના સ્વ. અગમશરણભાઇ પંચોલી નથા જ્ઞાતિના નામી અનામી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપી. લકી ડ્રો કરવામાં આવ્યો. જેના વિજેતા શીલાબેન અશ્વિનભાઇ પંચોલી બન્યા. સમાજ સુરક્ષા યોજના તથા સ્વર્ણિમ ફંડ વિશે ચર્ચા કરવામાં આવી.

વન મિનિટ ગેમ રમ્યા. જેમાં પ્રથમ લીનાબેન તથા દ્વિતીય પ્રીતિ જય વિજયી બન્યા. શીઘ્ર વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી જેમાં નિકુંજબેને ઉપયોગી અને સુંદર જાણવના લાયક પોઇંટ આપ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ જ્યોતિબેન એસ. તથા દ્વિતીય સુરેખાબેન વિજયી થયા.

નારી સંરક્ષણ ગૃહની અનાથ બહેનોના લગ્નોત્સવમાં ભાગ લીધો. વધારાની પ્રવૃત્તિમાં લીનાબેને બ્યુટી ટીપ્સ આપી મેકઅપનો ડેમો જ્યોતિબેન એસ. પર કરી બતાવ્યો. આગામી મિટિંગ શીલાબેન અશ્વિનભાઇને ત્યાં રાખવાનું નક્કી થયું તારીખ પાછળથી જણાવવામાં આવશે.. અંતમાં ઇડલી સંભારના ડીનર બાદ નિકુંજબેનનો આભાર માની સર્વે છુટા પડ્યા.

૧૦૦ અર્પિતા બી. પંચોલી-ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે.
૧૦૦ પ્રજ્ઞાબેન બી. પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે.
૧૦૦ નિકુંજબેન આર. પંચોલી-વર્ષગાંઠ નિમિત્તે..

## પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર

તા. ૫.૭.૨૦૧૬ના રોજ જી.આઇ.ડી.સી. ખાતે ભાવનાબેન ધર્મેશભાઇ પંચોલીના નિવાસ સ્થાને અંકલેશ્વર મહિલા મંડળની મિટિંગ મળી. આ દિવસે નક્કી કર્યા મુજબ પીંક ડે હોવાથી સૌ બહેનો પીંક કલરના વસ્ત્રો પરિધાન કરીને આવ્યા હતા.

સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી... દિવંગત થયેલ ચક્ષુદાતા ગં.સ્વ. શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી તથા ચક્ષુદાતા રાજેન્દ્રભાઇ નાથાલાલ મિસ્ત્રી તથા જ્ઞાતિના દિવંગત આત્માઓના આત્માની શાંતિ શ્રેયાર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. અગામી મિટિંગનો અહેવાલ તથા નવયુગના મુદ્દાઓ દક્ષાબેન મિસ્ત્રીએ વાંચી સંભળાવ્યા. આ માસમાં આવતી એનીવર્સરી વીશ કરવામાં આવી તથા બર્થડેની ગીફટ પ્રમુખ મીનાબેનના વરદ હસ્તે આપવામાં આવી.

વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦થી ઉપરના વિભાગમાં દક્ષાબેન અને ૫૦થી નીચેમાં હેતલબેન પરેશભાઇ મિસ્ત્રી વિજેતા થયા. વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઇનામ આપી નવાજ્યા.

આગામી મિટિંગ ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ઝંડામાં આવતા કલર મુજબ વસ્ત્રો પરિધાન કરવાનો કોડ આપવામાં આવ્યો.. તથા દેશભક્તિ ગીતો ગાવાનું નક્કી કરવામાં આવ્યું. આજરોજ રાખેલ ગજરાગૂંફન સ્પર્ધા અનિવાર્ય સંજોગોને લઇને મૌકૂફ રાખવામાં આવી હતી તે આવતી મિટિંગમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું. આગામી મિટિંગ હેતલબેન પરેશભાઇ મિસ્ત્રી-પુનિતનગર મીરા ઓટો ગેરેજ સામે રાખવામાં આવી. અંતમાં નાસ્તા તથા શરબતને ન્યાય આપી છુટા પડ્યા.

મા-બાપનો વારસો સંભાળો
એને સંસ્કાર ના કેહવાય.

પણ વારસાની સાથે મા-બાપને
સંભાળો તો સંસ્કારી કેહવાય.

## સુરતનું ગૌરવ



સુરત નિવાસી પાર્થ રૂમીનકુમાર પંચોલીની સુરત ક્રિકેટ અસોશીએશન મા ડિસ્ટ્રીકટ પ્લેયર તરીકે પસંદગી પામી સુરત સમાજ અને સમસ્ત પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.. એ બદલ અભિનંદન

પાર્થે બાબા અમરનાથની યાત્રા તા. ૨૨.૦૬.૨૦૧૬ થી શરૂ કરી તા. ૧૩.૭.૨૦૧૬ના રોજ સુરત પરત ફર્યા. ફકત ૨૨ દિવસમાં ૭૫૦૦ કિમી.નો પ્રવાસ બાઇક પર કરી એક સાહસપૂર્ણ કાર્ય કર્યુ છે એ માટે પણ એમના સાહસને સમગ્ર પંચોલી સમાજ અભિનંદન આપે છે..

## હેપી બર્થ ડે....



સંજયકુમાર મોહનલાલ
જરીવાલા-સુરત
તા. ૫.૮.૨૦૧૬



ભારતીબેન હેમંતભાઇ
મિસ્ત્રી-સુરત
તા.

ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કરે છે....
સમગ્ર પંચોલી સમાજ જન્મ દિવસના હાર્દિક અભિનંદન પાઠવે છે....

## એક વાર જાવું હરીના ધામમાં



રાજપીપલા નિવાસી તથા રાજપીપલા સમાજના માજીપ્રમુખ શ્રી અગમશરણ ધીરજલાલ પંચોલી તા. ૦૯.૦૭.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૦



રાજપીપલા(ધમણાચા) નિવાસી ભાનુમતિબેન ગણપતભાઇ પંચોલી તા. ૦૨.૦૭.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૦



બીલીમોરા નિવાસી શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી (જ્યોતિષ ભાસ્કર) તા. ૨૬.૦૭.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. ૭૪

## હેપી બર્થ ડે....



જાનવી મલયકુમાર મિસ્ત્રી
અંકલેશ્વર-પ્રથમ વર્ષગાંઠ
તા. ૨૮.૮.૨૦૧૬

## ક્ષતિદોષ



**ચક્ષુદાતા**
**સ્વ. રમેશચંદ્ર નટવરલાલ પંચોલી**

પ્રભુ આપના આત્માને પ્રથમ પૂણ્યતિથિએ ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના.

જયરાજ પંચોલી-કવાંણ
સમય : સવારે ૧૨.૩૦ કલાકે
સર્વિસ: સ્ટાફ બ્રેઠ ઓ બ્રેઠ
કોમ્યુનીટી હેલ્થ સેન્ટર,
નર્સીંગ ટ્યુટર-દેવગઢબારીયા
વધુ વિગત જુલાઇના અંકમાં



# તેજસ્વી તારલાઓ




ચાર્મી સંદીપકુમાર
મિસ્ત્રી-અંધેરી
HSC(Sci)-81.23%




મનાલી મનિષભાઇ
મપારા-વડોદરા
HSC(Sci)-96.43 perc.




મૈત્રી સંદીપકુમાર
પંચોલી-વ્યારા
HSC(Sci)-91.68 perc.



શીવાની દિપકભાઇ
પંચોલી-
Gen.-98.92%



ધરતી દિનેશભાઇ
પંચોલી-વડોદરા
Gen.-84.93%(99.49Perc)



પલક કલ્પેશભાઇ
મિસ્ત્રી-મુંબઇ
Gom. 72.31%



ગૌરાંગ નારણભાઇ
પંચોલી-પાવી જેતપુર
Bcom.



કિંજલ વિઠ્ઠલભાઇ
પંચોલી-પાવી જેતપુર
B.A



રીદ્ધિ મધુસુદનભાઇ
પંચોલી-સુરત
Gen.76.66%



રાધા સંજયભાઇ
પંચોલી-બાજીપુરા
MBA



જય ધર્મેન્દ્રકુમાર
પંચોલી-રાજપીપલા
B.Tech.Info.Tech.



અંજલી જતીનકુમાર
પંચોલી-સુરત
B.Tech.Civil Eng.



ધર્મેશ કનુભાઇ
પંચોલી-અંકલેશ્વર
B.E. Mech.Eng.



નિશિતા નિતિનભાઇ
પંચોલી-અંકલેશ્વર
B.E. Comp.Eng.



ધર્મિષ્ઠા નરેન્દ્રકુમાર
પંચોલી-સુરત
M.Sc.Chemistry



પૂજા ચેતનકુમાર
પંચોલી-વ્યારા
M.Sc.(IT)



પ્રાચી સંજયકુમાર
જરીવાલા-સંરત
Dip.Architecral



નેહા ચંદ્રકાંતભાઇ
પંચોલી-રાજપીપલા
Master of Library &
Information Sci.

## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૫૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ રેખાબેન તથા રજનીભાઇ પંચોલીની પુત્રવધુ અંજલી તથા પુત્ર આકાશને ત્યાં પુત્રરત્ન ચિ. રિધમજન જન્મ નિમિત્તે.

રૂા. ૧૫૦/- બાજીપુરા નિવાસી રાધાબેન સંજયભાઇ પંચોલી તરફથી MBA થયા તે નિમિત્તે.

રૂા. ૧૫૦/- સુરત નિવાસી રિદ્ધિ મધુસુદનભાઇ પંચોલી બીકોમ થયા તે નિમિત્તે.

રૂા. ૧૦૧/- સુરત નિવાસી સંજયકુમાર મોહનલાલ જરીવાલા તરફથી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રી કનુભાઇ એન. પંચોલી તરફથી પુત્ર ધર્મેશ બી.ટેક મીકેનિકલ થયો તે નિમિત્તે.

રૂા. ૨૫૧/- હૈદરાબાદ નિવાસી અજયકુમાર ચંદુલાલ પંચોલી તરફથી નવયુગ ભેટ.

રૂા. ૨૫૧/- અંકલેશ્વર નિવાસી ચંદુલાલ હરગોવિંદદાસ પંચોલી તરફથી નવયુગ ભેટ.

રૂા. ૨૦૦/- ઉધના નિવાસી રાજેશભાઇ પી ગાંધી તરફથી નવયુગ ભેટ.

રૂા. ૧૦૧/- બીલીમોરા નિવાસી જયશ્રીબેન તથા બિપીનચંદ્ર ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી પૌત્રી વેદાંશીના જન્મ નિમિત્તે.

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી મલય દિનેશભાઇ મિસ્ત્રી તરફથી પુત્રી જાનવીની પ્રથમ બર્થડે નિમિત્તે.

## દેવના દીધેલ



બીલીમોરા નિવાસી શ્રી ધવલકુમાર બિપીનચંદ્ર મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન 'ચિ. વેદાંસી' નો જન્મ તા. ૦૧.૦૭. ૨૦૧૬ના રોજ થયો.
માતા : તોરલબેન



બીલીમોરા નિવાસી શ્રી અમિતકુમાર ધનેશભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ.માલવ' નો જન્મ તા. ૦૭. ૦૭ ૨૦૧૬ ના રોજ થયો.
માતા : નેહાબેન



વડોદરા નિવાસી શ્રી આકાશકુમાર રજનીકાંત પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ.રીધમ' નો જન્મ તા. ૦૭. ૧૨ ૨૦૧૫ ના રોજ થયો.
માતા : અંજલીબેન

નવયુગ શુભચિંતક શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી વ્યારા શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી વ્યારા

Book-Post

*Printed Book*

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**